નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :7 JANUARY 2025 I TUESDAY I Page :8 I Year : 2 I Issue :235 I Price: 2/-


સામના મિરર Dt.06/1/2025 MONDAY 07

આજથી ભુક્કા બોલાવશે ઠંડી

ઉ.ભારતના બર્ફીલા પવનો ગુજરાત પર ફૂંકાતાં તાપમાન ૫ ડિગ્રી ગગડ્યું; સિઝનની સૌથી કાતિલ ઠંડી પડવાની આગાહી

સૌથી ઓછું તાપમાન નલિયામાં નોંધાયું

આજથી ભુક્કા બોલાવશે ઠંડી

જુઓ પેજ નં.૭



## ચીનમાં હાહાકાર મચાવી રહેલ વાયરસના ત્રણ કેસ ભારતમાં નોંધાયા

# ગુજરાત એલર્ટ

# HMPV વાયરસનો ગુજરાતમાં પ્રથમ કેસ નોંધાયો : બે માસનું બાળક પોઝીટીવ

**અગાઉ બેંગ્લોરમાં બે કેસ નોંધાયા બાદ વાયરસ ગુજરાતમાં પણ દેખાતા રાજ્ય સરકાર એલર્ટ : એડવાઈઝરી જાહેર : કર્ણાટકમાં આઠ અને બે માસના બે બાળક સંક્રમિતઃ મોડાસા નજીકના બે માસના બાળકમાં ખાનગી હોસ્પિટલ દ્વારા કરવામાં આવેલ ટેસ્ટમાં HMPV વાયરસના લક્ષણો જણાયાઃ આઈસોલેશનમાં સારવાર હેઠળ**

રાજકોટ, તા.૬

ચીનમાં કોવિડ જેવા દ્રશ્યો સર્જનાર ઈંખડ્ટ વાયરસે ભારતમાં પહેલા બેંગ્લોરમાં પ્રવેશ કર્યા બાદ હવે ગુજરાતમાં પણ આ વાયરસનો પ્રથમ કેસ નોંધાયો છે અને અમદાવાદમાં ચાંદખેડાની એક ખાનગી હોસ્પીટલમાં ઈંખડ્ટ વાયરસ બે માસના બાળકને સારવાર આપવામાં આવી રહી છે.

કર્ણાટકમાં આજે એક જ દિવસમાં બે કેસ નોંધાયા છે, જેમાં આઠ મહિના અને બીજુ બાળક ત્રણ માસનું છે અને બન્ને બાળકો સંક્રમિત થયા હોવાનું જાહેર થયું છે. ગુજરાતમાં પ્રથમ કેસ નોંધાતા રાજ્ય સરકાર એલર્ટ થઈ ગઈ છે અને આ વાયરસ સામેની એડવાઈઝરી જાહેર કરી છે. અમદાવાદનો પ્રથમ કેસ મોડાસા નજીક એક ગામમાં રહેતા અને પંદર દિવસથી શરદી અને તાવથી પીડાતા બાળકને ચાંદખેડાની એક ખાનગી ઓરેંઝ હોસ્પીટલમાં દાખલ કરાયો હતો અને છેલ્લા પાંચ દિવસથી તે વેન્ટીલેટર પર છે જેના લેબોરેટરી ટેસ્ટમાં ઈંખડ્ટ વાયરસની હાજરી નોંધાતા તૂર્ત જ રાજ્ય સરકાર અને આરોગ્ય તંત્રને જાણ કરવામાં આવી છે અને બાળકને આઈસોલેશનમાં રાખીને તેની સારવાર ચાલુ છે.

કોવિડ જેવા લક્ષણો ધરાવતા આ વાયરસના આજે બેંગ્લોરમાં બે કેસ નોંધાયા છે. જેમાં અગાઉ આઠ માસના એક બાળકને ઈંખડ્ટ વાયરસની ઈફેક્ટ જણાઈ હતી અને ત્યારબાદ ત્રણ માસની બાળકી પણ આ ઈંખડ્ટ વાયરસથી સક્રમિત હોવાનું જણાઈ રહયું છે. જો કે બાળકીનું સ્વાસ્થ્ય સુધરતા તેને રજા આપી દેવામાં આવી છે પરંતુ આઠ માસનું બાળક હજુ સારવારમાં છે. ગુજરાતમાં આ રીતે કેસ નોંધાતા તેમાં રાજ્ય સરકારે એલર્ટ જાહેર કરી દીધું છે.

## મને જાણ નથીઃ આરોગ્ય મંત્રી ટેસ્ટ કિટ માટે વ્યવસ્થા કરાશે

ગાંધીનગર તા.૬

ઈંખટ્ઠ વાયરસને લઈને આરોગ્ય મંત્રી નિવેદન સામે આવ્યું છે. અમદાવાદમાં બાળકીનો HMVP કેસ પોઝીટીવ આવ્યો હોવાની ચર્ચાને લઈ આરોગ્ય મંત્રીનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, મને આની જાણ નથી. કોરોના વાયરસનાં પ્રોટોકોલથી જ આ વાયરસની સારવાર થશે. લક્ષણો પ્રમાણે આની સારવાર થશે આની ટેસ્ટ કીટની વ્યવસ્થા સરકાર બે ત્રણ દિવસમાં કરી લેશે. HMVP વાયરસને લઈને કેન્દ્ર અને રાજ્ય સરકાર જાગૃત છે. લોકોએ ગભરાવાની જરૂર નથી જરૂર પડ્યે શું કરવું અને શું ન કરવું તે અંગેની ગાઈડલાઈન નક્કી કરાશે. સમગ્ર દુનિયામાં જે રીતે કોવીડ ફેલાયો હતો તેને સરકારે કંટ્રોલ કર્યો અને HMVP વાયરસ પણ વધુ નુકશાન ન કરે તેની સરકારની તૈયારી

## શું ભારત HMPV સામે લડવા તૈયાર છે?

નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (NCDC) એ ભારતમાં માનવ મેટાન્યૂમોવાઈરસ (HMPV)ના કોઈ કેસની પુષ્ટિ કરી નથી. ગઈઉઈના ડિરેક્ટર ડો. અતુલ ગોયલે જણાવ્યું હતું કે HMPV સામાન્ય શરદીના વાઈરસ જેવું લાગે છે, જે બાળકો અને વૃદ્ધોમાં ફલૂ જેવાં લક્ષણોનું કારણ બને છે. તેમણે લોકોને પ્રમાણભૂત પ્રોટોકોલનું પાલન કરવા વિનંતી કરી, જેમ કે શરદી, ઉધરસ અને તાવ જેવાં લક્ષણો ધરાવતા કોઈપણ વ્યક્તિ સાથે સંપર્ક ટાળવો. તેમણે ખાતરી આપી હતી કે ગભરાવાની જરૂર નથી અને નિયમિત શરદી કે તાવ માટે દવાઓ પૂરતી માત્રામાં ઉપલબ્ધ છે. ડો. ગોયલે કહ્યું કે, ચિંતા કરવાની જરૂર નથી. ભારતમાં શ્વસન સંબંધી રોગોના કેસોમાં કોઈ ખાસ વધારો થયો નથી. હોસ્પિટલોમાં પૂરતી સંખ્યામાં પથારી અને અન્ય જરૂરી સાધનો અને દવાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. જો કે, સતર્કતા મહત્ત્વપૂર્ણ છે. નિષ્ણાતો સહમત છે કે ભારતમાં ઈંખડ્ટથી હાલમાં કોઈ તાત્કાલિક જોખમ નથી.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# નવી ટેકનોલેજીની સહાય



આજથી ૨૦૨૫ના વર્ષનો પ્રારંભ થઇ રહ્યો છે. ૨૦૨૪ની ઘટનાઓ આપણને ઘણું શીખવી ગઇ છે. ૨૦૨૫માં દેશની આર્થિક સ્થિતિ પર સૌની નજર રહેવાની છે. ૨૦ જાન્યુઆરીએ અમેરિકાના પ્રમુખ પદે ડોનાલ્ડ ટ્રમ્પ બિરાજશે પછી તે ટેરિફ બાબતે જે નિર્ણયો લેશે તેનાથી વિવાદ ઉભો થઇ શકે છે. ભારતના બજારો સતત નવું ઝંખતા હોય છે અને ટેકનીકલ ફેરફારોને આવકારતા હોય છે.ભારતીય બજારમાં ૨૦૨૫ના મુખ્ય વેપારી વલણો પર ૨૦૨૪ના અનુભવો જોવા મળશે. ૨૦૨૫માં આર્થિક તંત્ર કેવું હશે તેનો અંદાજ નીચેના મદ્દાઓ પરથી બાંધી શકાય છે. આજકાલ વાત આર્ટિફીશયલ ઇન્ટેલીજન્સ આધારીત કંપની બનાવવાનો આગ્રહ જોવા મળે છે. ક્લાઉડ કોમ્પ્યુટિંગ, બ્લોકચેનનું મિશ્રણ રોજિંદા કાર્યોને સરળ બનાવે છે. તદઉપરાંત, આ બધી ટેકનોલોજીઓ એકબીજા સાથે જોડાયેલી છે.

૨૦૨૫નો મુખ્ય ઉદ્દેશ ઉત્પાદકતા વધારવા, પુરવઠાની સિસ્ટમને સરળ બનાવવા, વેચાણ વધારવા અને શ્રે ગ્રાહક સેવા પૂરી પાડવા માટે આ પ્રક્રિયાઓ અને ટેકનોલોજીને સિસ્ટમમાં સ્માર્ટ રીતે ઉપયોગ કરવાનો છે.

૨૦૨૫માં સાયબર સુરક્ષોનો મોટો પડકાર છે. ૨૦૨૪માં કોર્પોરેટ સર્કલને હેકર્સ અને સાયબર છેતરપીંડી કરનારાઓને અનેક રીતે પરેશાન કર્યું હતું. ૨૦૨૫માં સાયબર હુમલાઓ વધુ આધુનિક બનીને આવવાની સંભાવના હોઇ ડેટાનું રક્ષણ કરવું વધુ મુશ્કેલ બની જશે. રાહત એ વાતની છેકે સાયબર સુરક્ષા માટે ઉપયોગમાં લેવા આવનાર ટેકનોલોજી પણ મદદમાં આવી શકે છે.

અહીં ઈ એ બેધારી તલવાર છે. જ્યારે હેકર્સ પણ તેનો ઉપયોગ કરે છે. હેકર્સ તેનો ઉપયોગ ઓટોમેટીક ફોન કરવા અને ખાતા બ્લોક કરવા વગેરે માટે વાપરે છે. વધુમાં, ઉપકરણોની પરસ્પર જોડાણ જોખમને વધારે છે, જે એક જ સમાધાન કરેલ ઉપકરણને સમગ્ર નેટવર્ક માટે સંભવિત ગેટવે બનાવે છે.

જેમ જેમ વધુ સંવેદનશીલ ડેટા ડિજિટલ બનતો જાય છે, તેમ જોખમો વધુ ઉભા થાય છે. બિઝનેસ કરનારાઓએ ૨૦૨૫માં જાગ્રત રહેવું જોઈએ, અને મજબૂત બેકઅપ સિસ્ટમ્સ બનાવવી જોઈએ.

ભારત નવીનતા અને વિકાસ માટે સ્પષ્ટપણે હોટસ્પોટ બની રહ્યું છે. ભારતીય સ્ટાર્ટઅપ્સ માટે વેન્ચર કેપિટલ ફંડિંગ વધી રહ્યું છે, જે તેમને નવા બજારોના વિસ્તરણ અને વિકાસમાં મદદ કરે છે. વધુમાં, આ સ્ટાર્ટઅપ બૂમને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકાર સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડ સ્કીમ જેવી નીતિઓ અને કાર્યક્રમો અમલમાં મૂકી રહી છે. સ્ટાર્ટઅપ કંપનીઓમાં ધીરજ જોવા નથી મળતી. આશા રાખીએ કે સ્ટાર્ટઅપ બંધ થવાનો સીસીલો ૨૦૨૫માં અટકે..

શિક્ષણની દુનિયા વિકસી રહી છે અને તેની સાથે નવા બિઝનેસની તકો પણ ઉભરી રહી છે. વધુમાં, ૨૦૨૩માં, ઓનલાઇન એજ્યુકેશન લેન્ડસ્કેપ ઝડપથી વિકસી રહ્યું હતું, જે તેને ૨૦૨૪ના વ્યાપાર વલણોનો એક મહત્વપૂર્ણ ભાગ બનાવે છે. સતત શાળાઓ બંધ થવાને કારણે ડિજિટલ શિક્ષણની વધતી જતી જરૂરિયાત આ ઉછાળાને વેગ આપી રહી છે. પરિણામે, કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ ટેકનોલોજી-સક્ષમ ઈ-લર્નિંગ પ્રોગ્રામ્સ વિકસાવીને ઝડપથી તેનું પાલન પણ કરે છે.

બિઝનેસ લેન્ડસ્કેપમાં નોંધપાત્ર પરિવર્તન આવી રહ્યું છે. વધુમાં, કોન્ટ્રાક્ટ રોજગારમાં વધારો થઈ રહ્યો છે કારણ કે કંપનીઓ ખર્ચ ઘટાડવા અને નવા આર્થિક તબક્કાઓને સિધ્ધ કરવા પ્રયાસ કરે છે.

૨૦૨૫માં ૧૦ મિનિટમાં ડિલીવરી કરતી કંપનીઓ વચ્ચેની જોવા મળશે. ફૂડ ડિલીવરી કરતી કંપનીઓ હવે ગ્રોસેરી પણ ૧૦ મિનિટમાં પહોંચાડવાની તૈયારી કરે છે. ક્વિક કોમર્સ માત્ર વધી રહ્યું નથી પણ લોકોમાં લોકપ્રિય પણ બની રહ્યું છે. ૨૦૨૫ના બિઝનેસ ટ્રેન્ડમાં મુખ્ય મુદ્દા તરીકે ક્વિક કોમર્સ આવે છે.

ઝડપથી બદલાતા વૈશ્વિક પ્રવાહો – શેરબજારમાં તોફાની વધઘટના કારણે ટ્રેન્ડ બદલાયો

# ડીજીટલ ગોલ્ડ રોકાણમાં પણ ગુજરાત મોખરે



રાજકોટ ગુજરાતીઓનો સોનાનો પ્રેમ જાણીતો છે અને દેશમાં સોનાની દાણચોરી અમદાવાદ, સુરત સહિતના વિમાની મથકોથી કેરાળા બાદ સૌથી વધુ થાય છે પણ ઈન્વેસ્ટર પ્રેમી ગુજરાતીઓ હવે ગોલ્ડ ઈટીએફનો ક્રેઝ પણ લાગ્યો છે.ખાસ કરીને યુવા ગુજરાતીઓ હવે ફિઝીકલ સોનુ ખરીદવાના બદલે આ ડીજીટલ સોનુ ખરીદવા માટે સૌથી આગળ છે તથા રાજયમાં ગોલ્ડ-ઈટીએફમાં રોકાણ ૯૫% જેટલું વધી ગયુ છે.એસોસીએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડના ડેટા મુજબ ૨૦૨૪ના નવેમ્બરમાં એસેટસ અન્ડર મેનેજમેન્ટ (એએમયુ) ૬૭૫.૫ કરોડ નોંધાયુ જે ૧ વર્ષ પુર્વે નવે ૨૦૨૩માં ૩૪૫.૨૧ કરોડ નોંધાયું હતું. જો કે ગુજરાતીઓના એકંદર મ્યુચ્યુઅલ ફંડ રોકાણમાં હજુ ગોલ્ડ ઈટીએફનું રોકાણ થોડું જ છે પણ લોકોનો રોકાણનો નજરીયો બદલાવા લાગ્યો છે.

ખાસ કરીને સોનાના ભાવમાં વધારો અને શેરબજાર કે અન્ય રોકાણ કરતા સોના-ચાંદીમાં વળતર વધુ સારુ રહે છે તેથી હવે ગોલ્ડ ઈટીએફ તરફ રોકાણ વધ્યુ છે. સોનાના એકસચેંજ ટ્રેડેડ ફંડ પણ હવે સોનામાં રોકાણ માટે રૂા.૧૦ જેટલી નાની રકમની એનઆઈપી પણ લાવી રહ્યા છે. સોનાનો ભાવ સપ્ટેમ્બર ૨૦૨૪માં રેકોર્ડ સપાટીએ પહોંચ્યા હતા અને આ પ્રકારના ફંડ એ લાંબાગાળાની સ્થિરતા અને સલામતીની સાથે નફો આપે છે તે એક પ્રસ્થાપીત થઈ રહેલી વાસ્તવિકતા અને તેની સોનામાં ઉંચા ભાવે મોટુ રોકાણ જરૂરી છે અને તેની સામે ગોલ્ડ ઈટીએફએ સરળ અને નાનું રોકાણ પણ લાંબાગાળે મોટો પોર્ટફોલિયો બનાવી શકાય છે અને સોનાના ફિઝીકલ સ્ટોરેજ તેની શુદ્ધતા વિ.ની ચિંતા રહેતી નથી.

મ્યુચ્યુઅલ ફંડમાં પણ રોકાણની વૈવિધતા મળી છે અને ખાસ કરીને શેરબજારની તોફાની વધઘટ આગામી સમયની પણ અનિશ્ચિતતા છે તેની સરખામણીમાં સોનામાં રોકાણ એ વધુ સલામત બની ગયુ છે તેમાં ભાવની મોટી તોફાની વધઘટની શકયતા નહીવત છે.ભારત સહિતની વિશ્વની સેન્ટ્રલ બેંકો પણ સોનામાં તેના રોકાણ વધારી રહી છે.

નેશનલ સ્ટોક એક્સચેંજનો રીપોર્ટ ૨૦૨૪માં ૨૬૮ આઈપીઓમાં ૧.૬૭ લાખ કરોડ એકત્રિત

# IPOમાં ડંકો સંખ્યામાં એશિયા ફર્સ્ટ; નાણાં મેળવવામાં દુનિયામાં નંબર-વન

નવી દિલ્હી, તા.૭

ભારતીય શેરબજારમાં કોરોનાકાળ પછી સૌથી મોટી અને લાંબી તેજી જોવા મળી હતી અને તેના પ્રભાવ હેઠળ પ્રાયમરી માર્કેટમાં પણ અભૂતપૂર્વ ધમધમાટ રહ્યો હતો. હવે સત્તાવાર રીપોર્ટમાં એવું જાહેર થયું છે કે ૨૦૨૪માં સૌથી વધુ આઈપીઓ મામલે ભારત સમગ્ર એશિયામાં નંબર-વન રહ્યું હતું. જ્યારે આઈપીઓ મારફત નાણાં એકત્રિત કરવામાં સમગ્ર વિશ્વમાં પ્રથમ નંબરે રહ્યું હતું.

નેશનલ સ્ટોક એક્સચેંજ દ્વારા જારી કરાયેલા રીપોર્ટ પ્રમાણે ૨૦૨૪માં એનએસઈમાં મેઈન બોર્ડના ૯૦ તથા એસએમઈ પ્લેટફોર્મમાં ૧૭૮ આઈપીઓ આવ્યા હતા. એક જ કેલેન્ડર વર્ષની આ સંખ્યા સમગ્ર એશિયન દેશો કરતા વધુ છે. આ જ રીતે આ આઈપીઓ મારફત ૧.૬૭ લાખ કરોડ એકત્રિત થયા હતા જે રકમ સમગ્ર વિશ્વના દેશો કરતાં વધુ છે. પ્રાયમરી માર્કેટમાં ઈન્વેસ્ટરોનું રોકાણ ભારતીય શેરબજાર પરનો તેમનો ભરોસો સુચવે છે.

વૈશ્વિકસ્તરે ૨૦૨૪માં કુલ ૧૧૪૫ આઈપીઓના લીસ્ટીંગ થયા હતા. ૨૦૨૩માં આ સંખ્યા ૧૨૭૧ની હતી. વૈશ્વિક સ્તરે આઈપીઓની સંખ્યામાં ઘટાડો થવા છતાં ભારતમાં વૃદ્ધિ જોવા મળી હતી એટલું જ નહીં




સમગ્ર એશિયાઇ દેશોમાં કુલ આઈપીઓ આવ્યા તેમાંથી ૨૫ ટકાનો હિસ્સો માત્ર ભારતનો હતો.

એનએસઈના રીપોર્ટ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેંજમાં ૨૬૮ કંપનીઓના આઈપીઓ આવ્યા હતા અને ૧.૬૭ લાખ કરોડ એકત્રિત થયા હતા. સૌથી મોટો ૨૭૭૩૫ કરોડનો આઈપીઓ હ્યુન્ડાઇ મોટર્સનો હતો. વૈશ્વિક સ્તરે પણ તે બીજા નંબરનો સૌથી મોટો આઈપીઓ બન્યો હતો.

એનએસઈમાં મેઈન બોર્ડના ૯૦ આઈપીઓની એકત્રિત રકમ ૧.૫૯ લાખ કરોડની હતી જ્યારે ૧૭૮ એસએમઈ આઈપીઓમાં ૭૩૪૯ કરોડ એકઠા થયા હતાં. એનએસઈના ચીફ બિઝનેશ ડેવલપમેન્ટ ઓફિસર શ્રીરામ ક્રિષ્ણને કહ્યું કે ૨૦૨૪માં વિક્રમજનક આઈપીઓ ભારતીય અર્થતંત્રની તાકાત સુચવે છે.

# વાઈરસના પહેલા પોઝિટિવ કેસ પછી ગુજરાત સરકાર એક્શનમાં, RTPCR ટેસ્ટ ફરજીયાત

## મેટાન્યુમોવાઈરસ વિશે જાણવા જેવી બાબતો

- મેટાન્યુમોવાઇરસ અન્ય શ્વસન વાયરસ જેવો જ વાઇરસ છે.
- વર્ષ ૨૦૦૧થી આ વાઇરસની ઓળખ થયેલ છે.
- આ વાઇરસ શિયાળાની ઋતુ દરમિયાન ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધોમાં દેખાય છે અને તેના લક્ષણોમાં સામાન્ય શરદી અને ફ્લુનો સમાવેશ થાય છે.

## મેટાન્યુમોવાઈરસના લક્ષણો દેખાય તો શું કરવું ?

- જ્યારે ઉધરસ અથવા છીંક આવે ત્યારે મોઢું અને નાકને રૂમાલ અથવા ટિસ્યુથી ઢાંકવું.
- નિયમિત રીતે હાથ સાબુ અને પાણીથી ધોવાં કે સેનેટાઇઝરનો ઉપયોગ કરવો.
- ભીડભાડવાળા સ્થળોથી દૂર રહેવું અને ફ્લૂથી પીડિત વ્યક્તિઓથી ઓછામાં ઓછું એક હાથનું અંતર રાખવું.
- તાવ, ઉધરસ કે છીંક આવે છે તો જાહેર સ્થળો પર જવાનું ટાળવું.
- વધુ પાણી પીવું અને પૌષ્ટિક ખોરાક ખાવો.
- પ્રબળ પ્રતિરોધક શક્તિ માટે પૂરતી ઊંઘ લેવી.
- બીમારીઓ ફેલાતી અટકાવવા માટે યોગ્ય વેન્ટિલેશન વાળા વાતાવરણમાં રહેવું.
- શ્વસનને લગતા લક્ષણો જણાય તો ઘરમાં જ રહેવું, બીજાઓ સાથે સંપર્ક મર્યાદિત કરવો અને તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.

## મેટાન્યુમોવાઈરસના ચેપની સ્થિતિમાં શું ના કરવું?

- આવશ્યક ના હોય તો આંખ, નાક કે મોઢાને સ્પર્શ કરવો નહિ.
- ચેપ ગ્રસ્ત વ્યક્તિએ વ્યક્તિગત ચીજવસ્તુઓ જેમ કે ટુવાલ, રૂમાલ અથવા અન્ય વાસણો બીજા વ્યક્તિના સંપર્કમાં કે ઉપયોગમાં ના આવે તેનું ધ્યાન રાખવું.
- જાતે દવા લેવાનું ટાળવું, લક્ષણોમાં વધારો દેખાય તો આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવો.

વિદેશથી આવનાર માટે ની એડવાઈઝરી જાહેર કરાશે. વાઈરસના પહેલા પોઝિટિવ કેસ પછી ગુજરાત સરકાર એક્શનમાં આવી છે. હવે ટેસ્ટ ફરજીયાત કરાશે. ઋષિકેશ પટેલે નિવેદન આપતા કહ્યું કે, ગુજરાતમાં પહેલો કેસ નોંધાયો છે. ૨ માસની બાળકીનો કેસ ડિટેક્ટ થયો છે. આ ચિંતા કરવાનો કેસ નથી. વાઈરસની ઈન્ટેસિટી કેટલી છે તેના આધારે ફોરેન ટૂરિસ્ટ માટેની ગાઈડલાઈન નક્કી કરાશે.

આરોગ્યમંત્રીએ વધુમાં કહ્યું કે, કેન્દ્ર સરકાર રાજ્ય સરકારને ગાઈડ લાઈન આપશે એ પ્રકારે કામગીરી થશે. રાજ્ય સરકારે ટેસ્ટિંગ માટેની કીટ ખરીદવા માટેની મંજૂરી આપી દીધી છે. શરદી, તાવ, ઉધરસ, ગળામાં દુખાવો થવો તેવા લક્ષણો આ વાઈરસમાં છે. જે લક્ષણ હોય તેની દવા થાય એ જ છે. આ વાઈરસને લઈ કોઈ ખાસ દવા નથી. વાઈરસને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર બિલકુલ સજ્જ છે.

ચીનમાં ફેલાયેલા કોરોના જેવા વાઈરસના કેસ હવે ભારતમાં જોવા મળી રહ્યા છે. આ વાઈરસનું નામ હ્યુમન મેટાન્યૂમોવાઈરસ () છે. ભારતમાં એક કેસ અમદાવાદમાં અને બે કેસ કર્ણાટકમાં જોવા મળ્યા છે. સંક્રમિતોમાં એક ૨ મહિનાનું બાળક, ૮ મહિનાનું બાળક અને ૩ મહિનાની બાળકીનો સમાવેશ થાય છે. સંપૂર્ણ સમાચાર વાંચવા અહીં ક્લીક કરો...

ગુજરાતમાં વાઈરસનો પ્રથમ કેસ અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં નોંધાયો છે. ચાંદખેડાની ખાનગી હોસ્પિટલમાં બાળકને હાલ સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યું છે જોકે બાળકની તબિયત સ્થિર છે. કોઈ ગભરાવવા જેવું નથી સામાન્ય શરદી, ઉધરસ અને તાવ હોય તેવા લક્ષણો સાથે આ બાળક હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યું છે.

ચાંદખેડાની ઓરેન્જ હોસ્પિટલના ડો. નિરવ પટેલે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મોડાસાની નજીક આવેલા એક ગામમાં રહેતા બે મહિનાના બાળકને છેલ્લા ૧૫ દિવસથી શરદી, તાવ હોવાના કારણે તેની તબિયત વધારે ખરાબ થતા સારવાર અર્થે અહીં દાખલ કરવામાં આવ્યું હતું અને પાંચ દિવસ વેન્ટિલેટર પર રાખવામાં આવ્યું હતું. અલગ અલગ વાઈરસ અત્યારે હોવાના કારણે તેનો રિપોર્ટ કરવામાં આવ્યો હતો.

લેબોરેટરીમાં તેના ટેસ્ટ કરવામાં આવ્યા હતા જેમાં રિપોર્ટમાં હોવાનું સામે આવ્યું હતું. બાળકની તબિયત હાલ સ્થિર છે કોઈ ગભરાવવા જેવું નથી. જો શરદી, ઉધરસ અને છીંક આવતી હોય તો માસ્ક પહેરવું જોઈએ. બીજાને ચેપ લાગે તેવી ભીડભાડવાળી જગ્યાથી લોકોએ દૂર રહેવું જોઈએ.

# છતીસગઢમાં નકસલી બ્લાસ્ટમાં આઠ જવાનો શહીદ : અનેક ઘાયલ

બિઝાપુર,તા.૬

છતીસગઢમાં નકસલી ઓપરેશન પાર પાડીને પરત ફરી રહેલા ખાસ દળોના જવાનોની ગાડીને આઇઇડી બ્લાસ્ટથી ઉડાવી દેવાતા આઠ જવાનો શહીદ થયા છે અને અનેક ઘાયલ થયા છે. કુલ ૨૦ જવાનો આ ટ્રકમાં પ્રવાસ કરી રહ્યા હતા.

પંખાજુરમાં એક નકસલી ઓપરેશનમાં પાંચ નકસલીઓને ઠાર માર્યા બાદ જવાનોની ટીમ બીજાપુરના કટરમાર્ગ પરથી પસાર થઈ રહી હતી ત્યાં જ જમીનમાં દાટેલા શક્તિશાળી વિસ્ફોટ થયો હતો અને જવાનોને લઈ જતી ગાડીના કુરચા ઉડી ગયા હતા.

જેમાં આઠ જવાનો શહીદ થયા છે અનેક ઘાયલ થયા છે. નકસલીઓને શોધવા નવેસરથી ઓપરેશન શરુ થયુ છે. શહીદ થયેલા જવાનો દાંતેવાડા ડીઆરજી ગ્રુપના હતા.છત્તીસગઢના બિજાપુર જિલ્લામાં નક્સલવાદીઓએ જવાનોને લઈ જઈ રહેલા



વાહનમાં બ્લાસ્ટ કર્યો હતો. આ હુમલામાં દંતેવાડા ડીઆરજીના ૮ જવાન શહીદ થયા હતા. એક ડ્રાઈવરનું પણ મોત થયું છે. બસ્તર રેન્જ આઈજીએ આ વાતની પુષ્ટિ કરી છે. આઈજી બસ્તર રેન્જ સુંદરરાજ પીએ જણાવ્યું હતું કે બિજાપુરથી સંયુક્ત ઓપરેશન પાર્ટી ઓપરેશન બાદ પરત ફરી રહી હતી. સોમવારે બપોરે લગભગ ૨.૧૫ વાગ્યે નક્સલીઓએ અંબેલી ગામ પાસે ઈઈડી બ્લાસ્ટ કર્યો હતો. આ દરમિયાન ડીઆરજી જવાન, હેડ કોન્સ્ટેબલ સન્નુ કરમ, શનિવારે મોડીરાત્રે અબુઝહમદના જંગલમાં એક એન્કાઉન્ટરમાં શહીદ થયો હતો. એ જ સમયે જવાનોએ એક મહિલા નક્સલવાદી સહિત ૪ માઓવાદીને પણ માર્યા હતા.બ્લાસ્ટ બાદ વાહન સંપૂર્ણ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગયું હતું. કાર ઊંચે ઊછળી નીચે પડી અને કાટમાળમાં ફેરવાઈ ગઈ.સૈનિકોનાં મોત બાદ તેમનાં હથિયારો અને અન્ય વસ્તુઓ સુરક્ષિત રાખવામાં આવી હતી.ત્રણ દિવસ પહેલાં સુરક્ષા દળોએ ગારિયાબંદ જિલ્લાના નક્સલ પ્રભાવિત સોરનામલ જંગલમાં ૩ નક્સલવાદીને ઠાર કર્યા હતા. ડીઆરજી (ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ) અને એસટીએફ (સ્પેશિયલ ટાસ્કફોર્સ)ની ટીમે નક્સલવાદીઓને ઘેરી લીધા હતા. આ ઓપરેશનમાં છત્તીસગઢ અને ઓડિશાના લગભગ 300 સૈનિક સામેલ હતા.

સૈનિકોએ ઓડિશાના નવરંગપુરને પણ ઘેરી લીધું હતું, જેના કારણે નક્સલવાદીઓને ભાગવાની તક મળી ન હતી. સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચેનાં એન્કાઉન્ટર બાદ ત્રણ નક્સલવાદીના મૃતદેહ મળ્યા હતા. ગારિયાબંધ એસપી નિખિલ રાખેચાએ આ વાતની પુષ્ટિ કરી હતી.

# ઠંડીથી ઠુઠવાયું ઉતર ભારત : અનેક રાજયો ધુમ્મસની આગોશમાં



નવી દિલ્હી તા.૬ દેશના ઉત્તર-પશ્ચિમ ભારતમાં હાલ ઠંડીમાં રાહતનાં એંધાણ નથી હવામાન વિભાગ-૯ જાન્યુઆરી સુધી ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની સંભાવના દર્શાવી છે. જયારે ૧૦-૧૨ જાન્યુઆરીથી એક નવુ વેસ્ટર્ન ડીસ્ટર્બન્સનું એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે.

જેની અસરથી પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં હળવાથી મધ્યમ બરફ વર્ષા અને ઉત્તર-પશ્ચિમ હિમાલયના ક્ષેત્રમાં હળવાથી મધ્યમ બરફ વર્ષા અને ઉત્તર-પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારમાં હળવો વરસાદ થઈ શકે છે.શ્રીનગર સહિત કાશ્મીરના મોટાભાગમાં રવિવારે બરફ વર્ષા થઈ હતી. આ દરમ્યાન પારો સતત બીજા દિવસે શુન્યથી નીચે રહ્યો હતો. જયારે ઉત્તર-પશ્ચિમી રાજસ્થાન, પંજાબ, હરીયાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહારના અલગ-અલગ વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાયેલુ રહ્યું હતું. જેના કારણે વિઝીબીલીટી ઘટતા વિમાન મથકો પર પરિવહનને અસર થઈ હતી.

વનસ્થલીમાં સૌથી ઓછુ તાપમાન નોંધાયું

રાજસ્થાનના કેટલાંક ભાગોમાં તાપમાનમાં વધારો થયો છે.સૌથી ઓછુ તાપમાન ટોકના વનસ્થલીમાં ૬.૯ ડીગ્રી સેલ્સીયસ નોંધાયુ છે. રવિવારે રાજયનાં કેટલાંક સ્થળે ગાઢ ધુમ્મસ છવાયેલુ હતું.

ઉતરાખંડના ૧૦ જિલ્લામાં આજે સોમવારે હળવા વરસાદની સંભાવના છે. જયારે ઉધમસિંહનગર જીલ્લામાં ગાઢ ધુમ્મસ છવાયેલુ રહેશે.દહેરાદુન, હરિદ્વાર, સહિત ચાર જીલ્લામાં વરસાદની સાથે જ આકાશીય વીજળી ચમકવાને લઈને હવામાન વિભાગે યેલો એલર્ટ જાહેર કર્યુ છે. આજે રૂદ્રપ્રયાગ, ટિહરી, ચમોલીમાં વરસાદની સંભાવના છે.

# કેનેડાના પીએમ જસ્ટીસ ટ્રુડો રાજીનામુ આપ્યુ

## ભારત સાથે દુશ્મની, સતત વિરોધનો સામનો અને ટ્રમ્પ-મસ્કના દબાણથી જસ્ટિન ટ્રુડો નિર્ણય લેવા મજબૂર

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો બુધવાર પહેલાં પોતાના પદ પરથી રાજીનામું આપી શકે છે. કેનેડિયન મીડિયાને ટાંકીને આ માહિતી સામે આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જસ્ટિન ટ્રુડોએ ટૂંક સમયમાં રાજીનામું આપવાની જાહેરાત કરી દીધી છે. જસ્ટિન ટ્રુડો સતત વિરોધનો સામનો કરી રહ્યા છે. ટ્રુડોના પોતાના પક્ષમાં પણ તેમના રાજીનામાની માંગણીઓ ઊઠી રહી છે. આવી સ્થિતિમાં ખુદ જસ્ટિન ટ્રુડોએ ચૂંટણી પહેલાં રાજીનામું આપવાની ઓફર કરી છે. તમને જણાવી દઈએ કે કેનેડામાં ફેડરલ ચૂંટણી આ વર્ષે ઓક્ટોબરની વચ્ચે કોઈપણ સમયે યોજાઈ શકે છે.



ગ્લોબ એન્ડ મેલે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે ટ્રુડોનું રાજીનામું બુધવારે યોજનારી મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય કોકસની બેઠક પહેલાં આવશે. એક સૂત્રએ પબ્લિકેશનને જણાવ્યું હતું કે કેનેડિયન પીએમને લાગે છે કે તેમણે લિબરલ કોકસની બેઠક પહેલાં જાહેરાત કરવાની જરૂર છે જેથી તેમના પોતાના સાંસદો દ્વારા તેમને હાંકી કાઢવામાં આવ્યા હોય તેવું ન લાગે.' તાજેતરમાં, તે સ્પષ્ટ નથી કે ટ્રુડોનું સ્થાન કોણ લેશે, નવા નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી તેઓ વડાપ્રધાન પદ પર રહેશે કે કેમ તે અંગે પણ કોઈ સ્પષ્ટતા નથી. લિબરલ પાર્ટીના સભ્યોનું માનવું છે કે હવે જસ્ટિન ટ્રુડોના નેતૃત્વમાં પાર્ટી માટે આગામી ચૂંટણી જીતવી મુશ્કેલ છે. ટ્રુડો પર તેમની પાર્ટીના સાંસદો દ્વારા રાજીનામું આપવા માટે મહિનાઓથી દબાણ કરવામાં આવ્યું હતું. ૧૬ ડિસેમ્બરના રોજ તેમના નાણાપ્રધાન ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે રાજીનામું આપતાં આ દબાણ વધ્યું અને કહ્યું કે તેમની અને વડાપ્રધાન વચ્ચે નીતિગત મુદ્દાઓ પર મતભેદો છે. પાર્ટીની અંદર તેમની સામે નારાજગી વધી રહી છે અને આ નારાજગીનું પરિણામ એ છે કે સાંસદોએ તેમનો ખુલ્લેઆમ વિરોધ કરવાનું શરૂ કરી દીધું છે. થોડા સમય પહેલાં તેમને હટાવવા માટે સિગ્નેચર ઝુંબેશ પણ ચલાવવામાં આવી હતી. આ દરમિયાન ટ્રુડોને ઘણા મુશ્કેલ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. જેના કારણે તેમના પર રાજીનામું આપવાનું દબાણ થઈ રહ્યું છે. ગયા અઠવાડિયે જ કેટલાક સ્થાનિક મીડિયા આઉટલેટ્સે અહેવાલ આપ્યો હતો કે જસ્ટિન ટ્રુડોની ટીમ લિબરલ પ્રીમિયર તરીકે દૂર કરવામાં આવે તો પણ તેઓ કેવી રીતે વડાપ્રધાન રહી શકે તેના વિકલ્પો પર વિચાર કરી રહી છે. પાર્ટીએ રાષ્ટ્રીય કોકસની ભલામણ પર વચગાળાના નેતાની નિમણૂક કરવી પડશે અથવા મત યોજવો પડશે, ત્યારબાદ લિબરલ પાર્ટીને નવો ચીફ મળશે. લિબરલ પાર્ટીને નવા નેતા ન મળે ત્યાં સુધી ટ્રુડો વચગાળાના વડાપ્રધાન રહેશે કે કેમ તે હજુ સ્પષ્ટ નથી. પાર્ટીની સતત કથળતી જતી સ્થિતિને જોતા શક્ય છે કે તેઓ ટૂંક સમયમાં રાજીનામું આપશે. લિબરલ પાર્ટીના ઘણા નેતાઓ અને સાંસદોનું માનવું છે કે જો ટ્રુડો રાજીનામું નહીં આપે તો આગામી ચૂંટણીમાં પાર્ટીને હારનો સામનો કરવો પડી શકે છે.

# ખેડૂત આંદોલનનો મુદ્દો ફરી સુપ્રીમની સમિતિ સમક્ષ

## દલ્લેવાલના ૪૨ દિવસથી ઉપવાસ ચાલું : તબિયત બગડી : દલ્લેવાલ કેન્સરના દર્દી



ચંડીગઢ : વિરોધ કરી રહેલાં ખેડૂતોનું એક પ્રતિનિધિમંડળ આજે સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી ઉચ્ચ સત્તાવાળી સમિતિને મળશે. આ બેઠક બપોરે ૩ વાગ્યાની આસપાસ થશે. પંજાબ સરકાર વતી સુપ્રીમ કોર્ટમાં હાજર રહેલાં વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કોર્ટમાં આ માહિતી આપી હતી. પંજાબ અને હરિયાણા વચ્ચે ખનૌરી બોર્ડર પર વિરોધ કરી રહેલાં ખેડૂતોમાં ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલ પણ સામેલ છે, જેઓ છેલ્લાં ૪૦ દિવસથી અનિશ્ચિત સમયનાં ઉપવાસ પર છે. સુપ્રીમ કોર્ટની સુનાવણીમાં પંજાબ સરકાર તરફથી હાજર રહેલાં વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે જસ્ટિસ સૂર્યકાન્ત અને જસ્ટિસ એન કોટીશ્વર સિંહની બેંચને કહ્યું કે તેઓ વિરોધ કરી રહેલાં ખેડૂતોને ન્યાયમૂર્તિની અધ્યક્ષતાવાળી સમિતિને મળવા દેતાં નથી. સિબ્બલે કહ્યું, 'અમે ખેડૂતોને સમજાવવામાં સફળ રહ્યા છીએ. મહેરબાની કરીને મામલો બીજા દિવસ માટે મુલતવી રાખો. અમને થોડી સફળતા મળવાની આશા છે. આ પછી, સુપ્રીમ કોર્ટે સિબ્બલને ચર્ચાની ટૂંકી નોંધ તૈયાર કરવા કહ્યું અને સુનાવણી ૧૦ જાન્યુઆરી સુધી મુલતવી રાખી છે.

કેન્દ્રનું પ્રતિનિધિત્વ કરતાં સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે સમિતિ બેઠકના પરિણામ પર ટૂંકી નોંધ દાખલ કરશે. સુપ્રીમ કોર્ટે ખેડૂતો સાથે વાત કરવા માટે ૨ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ એક ઉચ્ચ સત્તાવાળી સમિતિની રચના કરી હતી. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ નવાબ સિંહની અધ્યક્ષતામાં આ સમિતિની રચના કરવામાં આવી હતી.

# સયાજી હોટલમાં આયર્લેંન્ડની મહિલા ક્રિકેટ ટીમનું આગમન




તસવીરઃ આનંદ સોમૈયા

ટી-૨૦ વર્લ્ડ કપ પછી  દ્વારા ભારતની મહિલા ટીમ માટે વધુ બે ટીમો સાથે શ્રેણીની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ડિસેમ્બર ૨૦૨૪માં વેસ્ટ ઈન્ડિઝ સામે મેચ રમાયા બાદ નવા વર્ષના પ્રારંભે આયર્લેંન્ડ સામે વનડે મેચની શ્રેણી રમાવવા જઈ રહી છે. જે તમામ ૩ મેચ રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમવામાં આવશે. જેના માટે આજે ૬ જાન્યુઆરીના રોજ કાલાવડ રોડ પર આવેલ હોટલ સયાજી ખાતે આયર્લેંન્ડની મહિલા ક્રિકેટ ટીમનું આગમન થયું છે. મહિલા ખેલાડીઓનું આરતી અને કપાળે ટીકા કરી બુકે-કુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આજે ભારતીય મહિલા ટીમનું પણ આગમન થશે. હાલમાં રાજકોટમાં ક્રિકેટ ફીવર જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી કરણ શાહે મિડીયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આગામી ૧૦, ૧૨ અને ૧૫ જાન્યુઆરીના રોજ ૩ દિવસ વનડે મેચની શ્રેણી રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે યોજાનાર છે આ માટે તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગ્રાઉન્ડ સ્ટાફ દ્વારા ગ્રાઉન્ડની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આગામી ૬ જાન્યુઆરીને સોમવારના રોજ ભારત અને આયર્લેંન્ડ ટીમના ખેલાડીઓ અને ટિમ સપોર્ટ સ્ટાફ રાજકોટ આવી પહોંચશે. આ ઉપરાંત મહત્વની વાત એ છે કે મહિલા ખેલાડીઓને પ્રોત્સાહન મળે તે માટે અને વધુને વધુ લોકો આ મેચ નિહાળે તે માટે ત્રણેય મેચમાં પ્રેક્ષકો માટે એન્ટ્રી ફ્રી રાખવા નિર્ણય કરવામાં આવ્યો છે.તેમને વધુમાં જણાવ્યું હતું કે, ઇન્ડિયાની વિમેન્સ ટિમ પણ ખુબ જ ફોર્મમાં છે. તાજેતરમાં વડોદરામાં પણ મેચ યોજાઈ હતી જેમાં ખુબ સારું પર્ફોમન્સ ટીમનું જોવા મળ્યું હતું એ જ રીતે રાજકોટમાં પણ ટિમનું સારું પર્ફોમન્સ જોવા મળશે. રાજકોટની પીચ ખુબ સારી છે ખેલાડીઓને પસંદીતા પીચ છે માટે અહીંયા પણ ખુબ સારો સ્કોર થશે અહીંયા મેદાનમાં પણ પ્રેક્ષકોને ચોગ્ગા છગ્ગાનો વરસાદ જોવા મળી શકે છે. આ માટે પીચ ક્યુરેટર દ્વારા પણ પીચ તૈયાર કરી દેવામાં આવી છે. બોર્ડ ઓફ કંટ્રોલ કોર ક્રિકેટ ઈન ઈન્ડિયા ()નો પણ અમે આભાર માનીએ છીએ કે રાજકોટમાં ત્રણ વિમેન્સ વનડે મેચ માટે શ્રેણી તેમજ ૨૮ જાન્યુઆરીના રોજ ભારત ઇંગ્લેન્ડ માટે ટી-૨૦ મેચની જાહેરાત કરવામાં આવી છે જેથી રાજકોટ અને સૌરાષ્ટ્રના ક્રિકેટ રસિકો સારી રીતે ક્રિકેટ ને માણી શકશે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમ વેસ્ટ ઈન્ડિઝની મહિલા ટીમ સામે ટી-૨૦ અને વનડે મેચની સિરીઝ રમ્યા બાદ હવે રાજકોટના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ પર આર્યલેન્ડ વુમન ટીમ સામે ત્રણ વન-ડે મેચની સિરીઝ રમશે. જેમાં તા.૧૦ જાન્યુઆરી ૨૦૨૫ના શુક્રવાર, ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ને રવિવાર અને તા.૧૫ જાન્યુઆરી ૨૦૨૫ને બુધવારના રોજ આ મેચ રમાશે. રાજકોટના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ પર પહેલીવાર ભારતીય મહિલા ક્રિકેટ ટીમ મેચ રમવા માટે આવશે. ઉલ્લેખનીય છે કે મહિલા ઓડીઆઈ વર્લ્ડ કપ ૨૦૨૫માં ભારતમાં યોજાનાર છે. આ ટુર્નામેન્ટ સપ્ટેમ્બરથી ઓક્ટોબર વચ્ચે રાઉન્ડ રોબિન ફોર્મેટમાં રમાશે. આમાં ભારત સહિત ૮ ટીમો ભાગ લેશે. ત્યારે વર્લ્ડકપ પૂર્વે આ બન્ને શ્રેણી ભારતીય મહિલા ટિમ માટે અગત્યતા ધરાવી રહી છે. આ સાથે જાન્યુઆરીના અંતમાં ૨૮ જાન્યુઆરી ૨૦૨૫ને મંગળવારના રોજ ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રીજી ટી-૨૦ મેચ પણ રાજકોટમાં યોજાશે આમ જાન્યુઆરી મહિનામાં રાજકોટમાં ક્રિકેટ ફીવર જોવ મળશે.

# ચોટીલા-રાજકોટ નેશનલ હાઈવે પર ૧૫ કિમી લાંબો ટ્રાફિક જામ

રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે સિક્સલેન્ડ તૈયાર થઈ રહ્યો છે, જેના કારણે ટ્રાફિક જામની સમસ્યા હજુ પણ યથાવત્ છે. ત્યારે આજે (છઠ્ઠી જાન્યુઆરી) વહેલી સવાર ચોટીલા નેશનલ હાઈવે પર આશરે ૧૫ કિલોમીટર જેટલી વાહનોની લાઈન લાગી હતી. આશરે ૧૦ કલાક સુધી વાહનચાલકો ટ્રાફિક જામમાં ફસાયા હતા.રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવેનું છેલ્લા ઘણાં વર્ષોથી કામ ચાલી રહ્યું છે. જેના કારણે હાઈવે પર વાહન ચાલકો ટ્રાફિક જામમાં



ફસાય છે. આ ઉપરાંત અકસ્માતની ઘટનાઓમાં પણ વધારો થઈ રહ્યો છે. ત્યારે આજે ફરી એકવાર ચોટીલા-રાજકોટ નેશનલ હાઈવે પર ટ્રક અકસ્માતના કારણે વાહનોની લાંબી કતારો લાગી હતી. નોંધનિય છે કે, પોલીસ વાન અને એમ્બ્યુલન્સ પણ આ ટ્રાફિકમાં ફસાય હતી.

સૂત્રોના જણાવ્યાનુસાર, રાજકોટથી ચોટીલા જતા ચામુંડા માતાજીના ડુંગરનો ગેઈટ આવે તે પહેલા હાઈવે પર એક ઓવરબ્રિજ આવે છે. આ બ્રિજ પહેલા જ ચાણપા ગામ પાસેથી કૂલ આશરે ૨૧૯ કરોડ રૂપિયાના ખર્ચે નવા ૬૦ મીટર (૨૦૦ ફૂટ) પહોળાઈનો અને આશરે ૭ કિ.મી.લંબાઈનો સિક્સલેન રોડ બનાવાશે. જે સીધો ચોટીલાને ઓળંગીને લિંબડી તરફ સાંગાણી ગામ પાસે નીકળીને સીધો અમદાવાદ એક્સપ્રેસ હાઈવેને મળશે. નેશનલ હાઈવે પર ટ્રાફિક જામના કારણે ચોટીલાથી રાજકોટ જઈ રહેલા મુસાફરો મુશ્કેલીમાં મુકાઈ છે. તંત્ર દ્વારા આ સમસ્યાનો હલ ક્યારે કરશે તે જોવાનું રહ્યું છે.

# TRP અગ્નિકાંડ : સાગઠીયા પર સકંજો કસવા ઈડીના રાજકોટમાં ધામા : જેલમાં જઈ પૂછપરછ કરશે

**કોર્ટ મંજૂરી આપશે પછી ઈડીની ટીમ જેલમાં જઈ સાગઠીયાની પુછપરછ કરશેઃ ઓફિસ, ઘર, જેવા તેના મહત્વના ઠેકાણાઓ પર સર્ચ કરે તેવી શક્યતા : ઈડીની તપાસ કેટલા લોકો સુધી રેલો લાવે છે તે તરફ સૌની મીટ : કોઈ શેહ – શરમ વગર તપાસ કરતી એજન્સી કેટલા લોકોને સાણસામાં લ્યે છે તે જોવું રહ્યું : જેલમાં રહેલ સાગઠીયાની મુશ્કેલીમાં વધારો**






રાજકોટ, તા. ૬

આજે અગ્નિકાંડના આરોપી સાગઠીયા સામે હવે કેન્દ્રીય તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ મોરચો ખોલ્યો હોવાનો ઘટસ્ફોટ સૂત્રો દ્વારા કરવામાં આવ્યો હતો. પૂર્વ ટીપીઓ સાગઠીયા પર સકંજો કસવા ઈડીની ટીમે રાજકોટમાં ધામા નાખ્યા છે. જેથી જેલમાં રહેલ સાગઠીયાની મુશ્કેલીમાં વધારો થયો છે. ઈડી જેલમાં જઈ સાગઠીયાની પૂછપરછ કરશે. તેવું જાણવા મળે છે.

મનપાના સસ્પેન્ડેડ ટીપીઓ મનસુખ સાગઠીયા સામે કાયદેસરની કાર્યવાહી કરવા કેન્દ્રની તપાસ એજન્સીએ રાજકોટ કોર્ટમાં અરજી કરી ભ્રષ્ટાચાર મામલે વધુ ઇન્વેસ્ટિગેશન કરવા દેવા અરજ કરી છે. કોર્ટ મંજૂરી આપશે પછી ઈડીની ટીમ જેલમાં જઈ સાગઠીયાની પુછપરછ કરશે. તેની સરકારી એટલે કે મનપા કચેરી સ્થિત ઓફિસ અને ખાનગી ઓફિસ, ઘર, ફ્લેટ, પેટ્રોલ પંપ જેવા તેના મહત્વના ઠેકાણાઓ પર સર્ચ કરે તેવી શક્યતા છે.

ઈડીની તપાસ કેટલા લોકો સુધી રેલો લાવે છે તે તરફ સૌની મીટ મંડાઈ છે. કોઈ શેહ-શરમ વગર તપાસ કરતી એજન્સી કેટલા લોકોને સાણસામાં લ્યે છે તે જોવું રહ્યું. રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના આરોપી અને જેની સામે એસીબીએ કરોડોની અપ્રમાણસર મિલ્કતનો ગુનો દાખલ કર્યો છે. તેવા રાજકોટ મનપાના સસ્પેન્ડેડ ટીપીઓ સાગઠીયા સામે હવે ઈ.ડી. એક્શન મોડમાં આવી છે.

જેલમાં રહેલ સાગઠીયાની મુશ્કેલીમાં વધારો થયો છે. જેલમાં રહેલ રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ ટી.પી.ઓ. સાગઠીયા વિરુદ્ધ તપાસમાં ઈ.ડી.એ ઝંપલાવેલ હોવાનું જાણવા મળે છે. ટીઆરપી કાંડમાં ખાસ નિયુક્ત સ્પેશિયલ પી.પી. તુષાર ગોકાણીનો સંપર્ક કરતા તેઓએ ઈ.ડી. દ્વારા રાજકોટની અદાલતમાં સાગઠીયાની તપાસ માટે તેમના મારફતે પરવાનગી મંગાયા હોવાની વાતને સમર્થન આપ્યું છે.

લાંચીયાવૃતિથી કરોડોની અક્સયામતો એકઠી કરનારના આકાઓ સુધી તપાસ પહોંચશે કે કેમ? ઈ.ડી. નું નામ સાંભળતા જ કેટલા લોકોને કડકડટી ઠંડીમાં પણ પરસેવા છૂટવા માંડ્યા છે. ત્યારે સાગઠીયા સામેની ઈડી દ્વારા થનાર તપાસમાં સાગઠીયા સાથે સંકળાયેલ મોટા ગજના લોકોને પણ પરસેવો છૂટે તો નવાઈ નહીં.

# રાજકોટમાં ૮.૨ ડિગ્રી : ચાલુ સિઝનનો સૌથી ઠંડો દિવસઃ લોકો ઠુંઠવાયા

**જનજીવન પ્રભાવિત : સૌરાષ્ટ્ર – ગુજરાતમાં પણ ઠંડીનો ચમકારો : નલિયામાં ૬.૪ ડીગ્રીઃ ભારે પવનથી ગિરનાર રોપ-વે બંધઃ અનેક સ્થળોએ તાપમાન ૧થીપ ડીગ્રી ગગડયુ**

રાજકોટ તા.૬

ઉતર ભારતની હિમવર્ષા અને પવનની દિશા બદલાતા સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ફરી આજથી કડકડતી ઠંડીનો રાઉન્ડ શરૂ થયો છે ત્યારે ખાસ કરીને આજરોજ સવારે રાજકોટ શહેરમાં ચાલુ શિયાળુ સીઝનની સૌથી વધુ ઠંડી નોંધાતા નગરજનો ધ્રુજી ગયા હતા.

રાજકોટ શહેરમાં આજરોજ સવારે ૮.૨ ડિગ્રી સુધી લઘુતમ તાપમાન પહોંચી જતા લોકોએ જોરદાર ઠંડી અનુભવી હતી. સાથોસાથ ઉતર-પુર્વનાં ઠંડા પવનો એ પણ આજે સપાટો બોલાવી દીધો હતો અને આ તિવ્ર ઠંડીની અસર જનજીવન ઉપર પણ દેખાઈ હતી.

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજથી ફરી તિવ્ર ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થયો છે અને અનેક સ્થળોએ ૧ થી ૫ ડિગ્રી જેટલુ તાપમાન ગગડી ગયું છે. આથી આજે સવારથી જ અનેક સ્થળોએ શિતલહેરો વચ્ચે કડકડતી ઠંડીનો અનુભવ થયો હતો તથા ગિરનાર ઉપર ભારે પવનથી રોપ-વે ફરી એકવાર બંધ કરી દેવાયો હતો.

ઉલ્લેખનીય બાબત એ છે કે, આજરોજ રાજકોટ શહેરમાં ચાલુ શિયાળા સિઝનની સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. આજે રાજકોટમાં લઘુતમ તાપમાન ૮.૨ ડિગ્રી સુધી પહોંચી જતા નગરજનો ઠુંઠવાયા હતા. જયારે નલિયા ખાતે પણ ૬.૪ ડિગ્રી સાથે તિવ્ર ઠંડી અનુભવાઈ હતી. આ ઉપરાંત આજે અમદાવાદમાં ૧૩.૫, અમરેલીમાં ૧૦.૬, વડોદરામાં ૧૪.૨, ભાવનગરમાં ૧૩.૬, ભુજમાં ૧૦.૮, ડિસામાં ૧૨.૧, દિવમાં ૧૩.૫, દ્વારકામાં ૧૪.૬, ગાંધીનગરમાં ૧૧.૭, કંડલામાં ૧૩, ઓખામાં ૧૯.૧, પોરબંદરમાં ૧૦.૬, સુરતમાં ૧૬.૨ અને વેરાવળમાં ૧૩.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

તથા જામનગરમાં લઘુત્તમ તાપમાનમાં પારો વધઘટ રહે છે.ત્યારે આજે ફરી એકવાર લઘુતમ તાપમાન ૧૩.૮ ડિગ્રી નોંધાયું હતું.

**હળવદ તાલુકાના દાડમની મીઠાશ વિશ્વમાં પ્રસરીઃ દુબઈ, મલેશિયા, બાંગ્લાદેશ, નેપાળ સહિતના દેશોમાં નિકાસ થાય છે**

# દાડમ ઉત્પાદન ક્ષેત્રે મોરબી જિલ્લો સૌરાષ્ટ્રમાં પ્રથમ અને ગુજરાતમાં ત્રીજા ક્રમે

**વાર્ષિક રૂ.૧૦૦ કરોડનું અંદાજિત ટર્ન ઓવરઃ હળવદ તાલુકામાં ૩૮૦૦ હેક્ટરમાં દાડમની ખેતી કરી સમૃદ્ધ બનતા ખેડૂતો**



ઘડિયાળ - સિરામીક ઉદ્યોગ થકી વિશ્વભરમાં આગવી ઓળખ ધરાવતો મોરબી જિલ્લો કૃષિ ક્ષેત્રે પણ સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અદકેરૂ સ્થાન ધરાવે છે. બાગાયતી કૃષિમાં દાડમના વાવેતર અને ઉત્પાદનમાં મોરબી જિલ્લો સૌરાષ્ટ્રમાં પ્રથમ જ્યારે સમગ્ર રાજ્યમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવે છે. જિલ્લાના અંદાજિત ૨૫૦૦ ખેડૂતો દાડમની ખેતી કરે છે, જેમાંથી ૨૦૦૦ જેટલા ખેડૂતો તો ફક્ત હળવદ તાલુકાના છે. હળવદ તાલુકામાં દાડમના વેચાણ માટે પાંચ ખાનગી માર્કેટિંગ યાર્ડ(મંડી) આવેલા છે. મોરબી જિલ્લામાં અંદાજિત ૪૫૦૦ હેક્ટરમાં અને હળવદ તાલુકામાં ૩૮૦૦ હેક્ટરમાં દાડમની ખેતી થાય છે. બાગાયતી પાકો માટે સરકાર ખેડૂતોને રોપાના વાવેતર સહિત વિવિધ સહાય આપે છે, જે થકી આ વિસ્તારના ઘણા ખેડૂતોની આવક ડબલ થઈ છે. જે સખત પુરુષાર્થ અને સરકારના સહકાર થકી ખેડૂતો સમૃદ્ધ બની રહ્યા છે તેની પણ પ્રતીતિ કરાવે છે.

કુદરતે મોરબીને માટીનું વૈવિધ્ય અર્પ્યું છે, વિશ્વને સિરામીકની વિવિધ પેદાશો આપતી સિરામીકની માટી પણ મોરબીની ભૂમિમાં છે, તો મગફળી, કપાસ અને અનેક બાગાયતી પાકો રૂપી સોનુ જ્યાં ઉપજે છે તેવી ફળદ્રુપ જમીન પણ મોરબી પાસે છે. તેમાં કંકુવરણી ભૂમિના પ્રદેશ તરીકે ઓળખાતો હળવદ તાલુકો બાગાયતી ખેતીમાં વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ગુણવત્તાની દ્રષ્ટિએ અગ્રેસર છે. પાંચાળ પ્રદેશની આ માટીમાં ધરતી પુત્રના પુરુષાર્થ થકી પારસમણિ નિપજે તેવી શક્તિ રહેલી છે. ત્યારે બાગાયતી ખેતીના ક્ષેત્રે દાડમની ખેતીમાં હળવદ એક અનન્ય સ્થાન ધરાવે છે.

હળવદ તાલુકાના ઈશ્વરનગર ગામના ખેડૂત પ્રફુલભાઈ ધનજીભાઈ રાજપરા છેલ્લા ૭ વર્ષથી ૪૫ વીઘા જમીનમાં દાડમની ખેતી કરે છે. તેઓ આ વિશે વધુ વાત કરતા જણાવે છે કે, ''મારી કુલ જમીન ૯૦ વીઘા છે. અમે વર્ષોથી પરંપરાગત પાકોની ખેતી કરતા હતા. દસેક વર્ષ અગાઉ સ્થાનિક બાગાયત અધિકારી મને મુંબઈ બાગાયતલક્ષી કૃષિ સેમિનારમાં ભાગ લેવા લઈ ગયા હતા. ત્યાં દાડમ સહિતની આધુનિક ખેતી વિશે માર્ગદર્શન અપાયુ હતું. ત્યારે કશુંક નવું કરવાની ઈચ્છા અને ખેતીમાં ઉત્પાદન - નફો વધારવા દાડમની ખેતીની શરૂઆત કરી. દાડમના રોપાના વાવેતર માટે ખર્ચના ૪૦ ટકા લેખે રૂ.અઢી લાખની સહાય સરકાર દ્વારા આપવામાં આવી હતી.

# આજથી ભુક્કા બોલાવશે ઠંડી

## ઉ.ભારતના બર્ફીલા પવનો ગુજરાત પર ફૂંકાતાં તાપમાન ૫ ડિગ્રી ગગડ્યું; સિઝનની સૌથી કાતિલ ઠંડી પડવાની આગાહી

રાજકોટ, તા. ૭ઃ ગુજરાતમાં આજથી ફરી ઠંડીનો રાઉન્ડ શરૂ થયો છે. છેલ્લા બે દિવસથી ઉત્તર ભારતમાં હિમવર્ષા શરૂ થઈ છે, જેને પગલે તાપમાન ફ્રીઝિંગ પોઇંટ પર છે. રાજ્ય પર આવતા પવનની દિશા બદલાતા ઉત્તર-પશ્ચિમથી ઉત્તરના પવનો શરૂ થયા છે. બર્ફીલા પવનો ફૂંકાતાં રાજ્યના વિવિધ જિલ્લાનું લઘુતમ તાપમાન ૫ ડિગ્રી જેટલું ગગડ્યું છે. આગામી ૩ દિવસ શહેરમાં ઠંડીમાં ક્રમશ વધારો થવાની વકી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આ સાથે જ આ સિઝનની સૌથી વધુ ઠંડી હશે.

હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાતો દ્વારા અગાઉ આગાહી કરવામાં આવી હતી કે, ૫ જાન્યુઆરીથી રાજ્યમાં ફરી એક વખત ઠંડીનો રાઉન્ડ શરૂ થશે. એટલે કે, જાન્યુઆરી માસમાં ભુક્કા બોલાવતી ઠંડીનો ચમકારો અનુભવાશે. જેને પગલે છેલ્લા ૨૪ કલાકથી જ તાપમાનમાં ઘટાડો થવાની શરૂઆત થઈ છે. મોટા ભાગના જિલ્લાઓના લઘુતમ તાપમાનમાં ૨૪ જ કલાકમાં એક ડિગ્રીથી લઈને પાંચ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો આવ્યો છે. ગત રાત્રિથી જ ગુજરાતમાં તેમાં પણ સૌરાષ્ટ્ર-કચ્છ તથા ઉત્તર ગુજરાતના ભાગોમાં વધુ માત્રામાં ઠંડીનો અનુભવ થયો હતો. હજુ પણ આગામી દિવસોમાં આ વિસ્તારો સહિત મધ્ય ગુજરાતના ભાગોમાં પણ ઠંડીનો અનુભવ થશે. છેલ્લા એક સપ્તાહથી રાજ્યમાં ઠંડીથી આંશિક રાહત મળી હતી, પરંતુ હવે ફરી એક વખત સ્વેટર અને ધાબળા કાઢવાં માટે ગુજરાતવાસીઓ તૈયાર રહેવું પડશે. કારણ કે, ફરી એક વખત હાડ થીજવતી ઠંડીની શરૂઆત થવા જઈ રહી છે.

છેલ્લા બે દિવસથી ઉત્તર ભારતમાં બરફ વર્ષા શરૂ થઈ છે, જેને પગલે તાપમાન ફ્રીઝિંગ પોઇંટ પર છે. આ ઉપરાંત સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ઉત્તર-પૂર્વ દિશા તરફથી બર્ફીલા પવનો ફૂંકાવાના શરૂ થતાં અચાનક તાપમાનમાં મોટો ઘટાડો થતો જોવા મળી રહ્યો છે. સુરતમાં રવિવારે દિવસના તાપમાનમાં એક જ દિવસમાં ૫.૬ ડિગ્રીનો નોંધપાત્ર ઘટાડો થતો જોવા મળ્યો હતો, જેને પગલે બપોરે ગરમીનું મહદંશે જોર ઘટી ગયું હતું. આ ઉપરાંત આગામી ત્રણ દિવસમાં રાત્રિનું તાપમાન ૩થી ૫ ડિગ્રી સુધી ગગડી ૧૩ ડિગ્રી થવાની આગાહી કરવામાં આવી છે. લઘુતમ તાપમાન ૧૩થી ૧૫ ડિગ્રી સુધી જઈ શકે છે. કડકડતી ઠંડીના રાઉન્ડને પગલે ફરી સુરતીઓ ઠુંઠવાયા છે. આ અંગે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રવિવારે સુરત શહેરનું મહત્તમ તાપમાન ૨૮.૬ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૧૮.૬ ડિગ્રી નોંધાયું હતું. શનિવારની સરખામણીમાં મહત્તમ તાપમાનમાં ૫.૬ ડિગ્રીનો ઘટાડો અને લઘુતમ તાપમાનમાં ૧.૮ ડિગ્રીનો વધારો થયો હતો. વાતાવરણમાં સવારે ભેજનું પ્રમાણ ૭૨ ટકા અને સાંજે ૪૬ ટકા નોંધાયું હતું. આ સાથે જ ઉત્તર દિશાથી ૬ કિલોમીટરની ગતિએ પવન ફૂંકાયા હતા.

### સૌથી ઓછું તાપમાન નલિયામાં નોંધાયું

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સૌથી ઓછું લઘુતમ તાપમાન નલિયામાં ૬.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત અન્ય ચાર મહાનગરોમાં પણ લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. ખાસ કરીને રાજકોટમાં ફક્ત ૨૪ જ કલાકમાં પાંચ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન ઘટ્યું હતું. ગત રાત્રિ દરમિયાન રાજકોટનું લઘુતમ તાપમાન ૮.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તદુપરાંત અમદાવાદ શહેરનું લઘુતમ તાપમાન ૧૩.૫ ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં ૧૪.૨ ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં ૧૬.૨ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.



# પ્રદ્યુમન પાર્ક પાસેના સાગરનગર - બેટ દ્વારકા ઝુંપડપટ્ટી ખાલી કરાવી આવાસ અપાશે : લાભાર્થીને માત્ર રૂ.૫૫,૫૫૬માં ઘર

## તળાવના રસ્તે આઈકોનિક બ્રીજનું આયોજન વધશે આગળ : લલુડી વોંકળીના લોકોનું પણ પુનઃવસન



રાજકોટ, તા. ૬

મહાપાલિકાની સ્ટે.કમીટીની કાલે મળનારી મીટીંગમાં જુદા જુદા વિકાસ કામો અંગેની દરખાસ્તો પર નિર્ણય કરાશે. તો સામાકાંઠે વોર્ડ નં.૬માં પ્રદ્યુમન પાર્ક પાસે આવેલ સાગરનગર અને બેટ દ્વારકા ઝુંપડપટ્ટી વિસ્તારના ૧૯૬ આવાસ ધારકોને અન્ય યોજનામાં પુનઃ સ્થાપિત કરવાની નીતિવિષયક દરખાસ્ત આવી છે.

આ ઝુંપડાવાળો રસ્તો ખાલી કરાવીને રાંદરડા તળાવના રસ્તે આઈકોનિક બ્રીજ બનાવવાનો પ્રોજેકટ તૈયાર કરાયો છે. તે પૂર્વે આ ઝુંપડાવાળી જગ્યા ખાલી કરાવવાની થાય છે. વોર્ડ નં.૬માં પ્રદ્યુમન પાર્ક પાસે વર્ષો જુનો સાગરનગર અને બેટ દ્વારકા સ્લમ વિસ્તાર આવેલો છે.

લાલપરી, રાંદરડા તળાવ વિસ્તારને રી-ડેવલપ કરીને ત્યાં આઇકોનિક બ્રીજ બનાવવા માટેનું આયોજન અગાઉ સરકારે મંજૂર કરેલું છે. આથી આ જગ્યાએ ઝુંપડા ખાલી કરાવીને લાભાર્થીઓને નજીકમાં જ આવેલી રાજીવ આવાસ યોજના હેઠળ ગોકુલનગર આવાસ યોજનામાં ફેરવવાના થશે.

અહીં ૬૮ આવાસો, પીએમ આવાસ યોજનાના સ્માર્ટ ઘર ૪-બી (પૂ. રવિશંકર મહારાજ ટાઉનશીપ) અંતર્ગત ખાલી રહેલા ૧૨૮ મળી ૧૯૬ આવાસમાં સમાવાશે. તથા આ વિસ્તારના આ ૧૯૬ ઉપરાંતના લાભાર્થીઓને સ્લમ રીલોકેશન યોજના સ્માર્ટ ઘર-૬ (શહીદ રાજગુરૂ ટાઉનશીપ)માં બનેલા ૧૫૩૭ આવાસ સામેલ કરવા નકકી કરાયું છે.

આ પુનઃવર્સન યોજનામાં સ્માર્ટ ઘર-૪ (વીર તાત્યાટોપે ટાઉનશીપ) યોજના હેઠળ બનાવવામાં આવેલ ૫૨૮ આવાસોમાં લલુડી વોંકળી સ્લમ વિસ્તારના લાભાર્થીઓનો સમાવેશ કરવાનો થાય છે. સ્માર્ટ ઘર ૪-બીમાં લાભાર્થીઓને રૂા. ૫૫,૫૫૬માં આવાસ મળશે.

તો સ્માર્ટ ઘર-૪ અને સ્માર્ટ ઘર-૬માં પણ લાભાર્થીઓનો ફાળો રૂા.૫૫,૫૫૬ ગણવાનો રહેશે. આ આવાસોની કિંમત ફાઇનલ કરીને દરખાસ્ત જનરલ બોર્ડમાં મોકલવામાં આવશે. મહાપાલિકાની

સ્ટે.કમીટીની કાલે મળનારી મીટીંગમાં જુદા જુદા વિકાસ કામો અંગેની દરખાસ્તો પર નિર્ણય કરાશે. તો સામાકાંઠે વોર્ડ નં.૬માં પ્રદ્યુમન પાર્ક પાસે આવેલ સાગરનગર અને બેટ દ્વારકા ઝુંપડપટ્ટી વિસ્તારના ૧૯૬ આવાસ ધારકોને અન્ય યોજનામાં પુનઃ સ્થાપિત કરવાની નીતિવિષયક દરખાસ્ત આવી છે.

આ ઝુંપડાવાળો રસ્તો ખાલી કરાવીને રાંદરડા તળાવના રસ્તે આઈકોનિક બ્રીજ બનાવવાનો પ્રોજેકટ તૈયાર કરાયો છે. તે પૂર્વે આ ઝુંપડાવાળી જગ્યા ખાલી કરાવવાની થાય છે. વોર્ડ નં.૬માં પ્રદ્યુમન પાર્ક પાસે વર્ષો જુનો સાગરનગર અને બેટ દ્વારકા સ્લમ વિસ્તાર આવેલો છે.

લાલપરી, રાંદરડા તળાવ વિસ્તારને રી-ડેવલપ કરીને ત્યાં આઇકોનિક બ્રીજ બનાવવા માટેનું આયોજન અગાઉ સરકારે મંજૂર કરેલું છે. આથી આ જગ્યાએ ઝુંપડા ખાલી કરાવીને લાભાર્થીઓને નજીકમાં જ આવેલી રાજીવ આવાસ યોજના હેઠળ ગોકુલનગર આવાસ યોજનામાં ફેરવવાના થશે.

# કલેકટર કચેરીમાં તા.૨૨ના સરકારની નવી માર્ગદર્શિકા મુજબ યોજાશે લેન્ડગ્રેબીંગની બેઠકઃ ૬૦ કેસ

## પક્ષકારોને નોટીસ આપી રૂબરૂ બોલાવી હાથ ધરાશે સુનાવણીઃ નવુ મહેકમ ઉભુ કરવાની પ્રક્રિયા શરૂઃ કલેકટર



રાજકોટ તા.૬

લેન્ડગ્રેબીંગના કેસોની સુનાવણી માટે રાજય સરકાર દ્વારા નવી ખાસ માર્ગદર્શિકા જાહેર કરી દેવામાં આવી છે. જે મુજબ હવે રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આગામી તા.૨૨મીના રોજ લેન્ડગ્રેબીંગની બેઠક આયોજીત કરવામાં આવી છે.

જેમાં સુનાવણી માટે ૬૦ જેટલા કેસો મુકવામાં આવનાર છે. અહી એ ઉલ્લેખનીય છે કે કલેકટર કચેરીમાં છેલ્લા કેટલાક સમયથી લેન્ડગ્રેબીંગની બેઠક આયોજીત થઈ શકી ન હતી. પરંતુ રાજય સરકાર દ્વારા હવે આ માટે ખાસ જોગવાઈઓ સાથે નવી માર્ગદર્શિકા જાહેર કરી દેવામાં આવી છે.

સરકારની આ નવી માર્ગદર્શિકા મુજબ પક્ષકારોને હવે નોટીસ આપી રૂબરૂ બોલાવી તેઓની સુનાવણી હાથ ધરવાની રહેશે.

આ ઉપરાંત લેન્ડગ્રેબીંગ કમીટીમાં પણ અધિકારીઓની હાજરી ફરજીયાત કરવામાં આવી છે. લેન્ડગ્રેબીંગ વિભાગ માટે પણ ખાસ મહેકમની જોગવાઈ કરવા સરકાર દ્વારા નિર્દેશ સાથે માર્ગદર્શન અપાયુ છે.

દરમ્યાન આ અંગે જિલ્લા કલેકટર પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે કલેકટર કચેરી ખાતે આગામી તા.૨૨મીના રોજ લેન્ડગ્રેબીંગની બેઠક સરકારની નવી માર્ગદર્શિકા મુજબ યોજાશે. પક્ષકારોને નોટીસ આપી રૂબરૂ બોલાવી સુનાવણી કરાશે તેમજ લેન્ડગ્રેબીંગ વિભાગ માટે અલગથી નવુ મહેકમ ઉભુ કરવાની પ્રક્રિયા પણ શરુ કરી દેવામાં આવી છે.

# શહેરના ડઝનથી વધુ વિસ્તારોને અશાંતધારામાં સમાવવા કલેકટરતંત્ર દ્વારા સરકારમાં મોકલાશે દરખાસ્ત

## પ્રાંત–૧ અધિકારી દ્વારા મળેલી દરખાસ્ત અંગે અભ્યાસ થઈ રહ્યો છે– કલેકટરઃ તા.૮ના રેવન્યુ અધિકારીઓની બેઠક



રાજકોટ તા.૬

રાજકોટ શહેરના ડઝનથી વધુ વિસ્તારોને અશાંતધારા હેઠળ આવરી લેવા માટે કલેકટરતંત્ર દ્વારા રાજયસરકારમાં દરખાસ્ત મોકલવામાં આવનાર છે.

આ અંગે કલેકટર પ્રભવ જોષી એ જણાવ્યું હતું કે પ્રાંત-૧ અધિકારી દ્વારા તેઓને અશાંતધારામાં શહેરના વધુ વિસ્તારોને આવરી લેવા માટેની દરખાસ્ત મળી ચુકી છે. આ દરખાસ્તોનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે જે બાદ રાજય સરકારને આ દરખાસ્તો આખરી મંજુરી માટે મોકલી દેવામાં આવશે.

અહી એ ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા ધારાસભ્ય ડો. દર્શિતા શાહ અને રમેશ ટીલાળા દ્વારા પણ અશાંતધારાના મામલે કલેકટરને રજુઆત કરવામાં આવી હતી. જે બાદ કલેકટરતંત્રએ તાબડતોબ પ્રાંત-૧ અધિકારી પાસેથી આ અંગેની દરખાસ્તો મંગાવી હતી. આ દરખાસ્તો આવતા હવે તેને આખરી મંજુરી માટે રાજય સરકારમાં મોકલવામાં આવનાર છે. તેમજ આગામી તા.૮મીના રોજ કલેકટર પ્રભવ જોષી દ્વારા રેવન્યુ અધિકારીઓની પણ બેઠક બોલાવવામાં આવી છે જેમાં પણ દબાણ સહિતના વિવિધ મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# પહેલીવાર ફલાયઓવર હેઠળ રમત-ગમતની સુવિધાઓ

## સ્ટેન્ડિંગની બેઠકમાં આઇકોનિક બ્રિજ તેમજ કે.કે.વી. ચોક બ્રિજ નીચે બોકસ ક્રિકેટ સહિતની ૬૭ દરખાસ્તો અંગે નિર્ણય લેવાશે



### સ્ટેન્ડિંગની મુખ્ય દરખાસ્તો

- જુદા-જુદા વિસ્તારમાં પેવીંગ બ્લોક
- જાગનાથ વિસ્તારમાં ડીઆઇ લાઇન
- જુદા-જુદા ટીપી રોડ પર ડામર કામ
- ભગવતીપરામાં પાઇપ ગટર
- નોન યુઝ વાહનો સ્ક્રેપમાં મોકલાશે
- ભાવનગર-પેડક રોડ પર ડીઆઇ લાઇન
- મ.ભોજન યોજનાનું રસોડુ રીપેર કરાશે
- વ્હીલબરો ખરીદી-મેન્ટેનન્સ કોન્ટ્રાકટ
- ફાયર વિભાગ માટે વધુ સાધનો ખરીદાશે
- લાયબ્રેરી માટે પુસ્તકો, રમકડાંની ખરીદી
- વોર્ડ નં.૫-૧૬માં ભૂગર્ભ ફરિયાદ નિકાલ
- બગીચાનો જાળવણી કોન્ટ્રાકટ
- વોર્ડ નં.૧૮માં મેટલીંગ કામ
- ગાર્ડનમાં સાધનોના રીપેરીંગ

**કમિશનરે સ્થાયી સમિતિમાં દરખાસ્ત મોકલી દીધીઃ બ્રિજથી બે લાખ વાહન ચાલકોને ભવિષ્યમાં લાભ થશેઃ તળાવ વિસ્તારને રી-ડેવલપ કરીને આઇકોનિક બ્રિજ બનશે**

રાજકોટઃ રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે આવતીકાલે સ્ટેન્ડિંગની બેઠક બોલાવી છે. જેનો એજન્ડા આજરોજ બહાર પાડવામાં આવ્યો હતો. આ એજન્ડામાં રાજકોટની કટારીયા ચોકડીએ આઇકોનિક બ્રિજ તેમજ કે.કે.વી. ચોક બ્રિજની નીચે સ્કેટીંગ, ઇન્ડોર ગેમ્સ, બોકસ ક્રિકેટ સહિતની ૬૭ દરખાસ્તો મૂકવામાં આવી છે. કટારીયા ચોકડી ખાતે રાજકોટનો સૌપ્રથમ આઇકોનીક કેબલ બ્રિજ જીએસટી સહિત રૂપિયા ૧૬૭ કરોડનાં ખર્ચે આગામી અઢી વર્ષમાં તૈયાર થશે. આ ઉપરાંત રાજકોટનાં કે.કે.વી.ચોક ફ્લાય ઓવરબ્રિજ નીચે વિવિધ ગેમ્સ માટેની સુવિધા કરવા સહિતની દરખાસ્તો કાલની બેઠકમાં મળી છે. તમામ દરખાસ્તો અંગે આવતીકાલે નિર્ણય લેવામાં આવશે.

રાજકોટનાં કાલાવડ રોડ પર આવેલ કટારીયા ચોકડીએ આધુનિક ફલાય ઓવર કેબલ બ્રિજ અને રીંગ રોડના રસ્તે અંડરબ્રિજ બનાવવાની દરખાસ્ત આવતીકાલની સ્ટે. કમીટીની મીટીંગમાં આવી ગઇ છે. કાલે મંગળવારે સવારે ૧૧ કલાકે સ્થાયી સમિતિની મીટીંગ બોલાવવા આજે ચેરમેન જયમીન ઠાકરે એજન્ડા બહાર પાડતા કુલ ૬૭ દરખાસ્તો પર નિર્ણય કરવામાં આવશે. કાલાવડ રોડ પર મેટોડા અને છેક ખીરસરા ત્રૄઈઉઈ સુધી ભવિષ્યમાં ટ્રાફિકની જરૂરીયાત જોતા ઓવરબ્રિજ અને અંડરબ્રિજ બંનેના આયોજન કરવામાં આવ્યા છે. જે માટે ૧૪ ટકાથી વધુની ઓન સાથે ૧૪૧.૭૩ કરોડનું કામ મંજૂર કરવા નવનિયુકત કમિશનર તુષાર સુમેરાએ સ્થાયી સમિતિમાં દરખાસ્ત મોકલી દીધી છે.

પ્રાપ્ત વિગત મુજબ કાલાવડ રોડ પર ટ્રાફિક પરિવહન માટે ભારણ વધતા કટારીયા ચોક પર બ્રિજની જરૂર છે. આ જરૂરિયાત પૂરી કરવા ચોકમાં રાજકોટના સૌપ્રથમ આઇકોનીક કેબલ બ્રિજનું ટેન્ડર બહાર પડયું હતું. તેના ભાવ ખુલી જતા ૧૨૪.૦૭ કરોડના ટેન્ડર સામે ૧૪.૨૪ ટકા ઓન એટલે કે ૧૪૧.૭૩ કરોડના ભાવની એલ-૧ ઓફર સાથેની દરખાસ્ત કમિશનરે મોકલી છે. ૧૮ ટકા ત્રૄજી સાથે ૨૫.૫૧ કરોડનો ટેકસ ગણી કુલ ખર્ચે ૧૬૭.૨૪ કરોડનો ખર્ચ થશે. આ બ્રિજનું કામ અંદાજે ૩૦ માસમાં પુરૂ થશે. ૭૪૪ મીટર લંબાઇ અને ૨૩.૧૦ મીટરની પહોળાઇમાં ૩*૩ લેનનો છ્ઈઈ બ્રિજ બનવાનો છે તેમજ બંને તરફ સર્વિસ રોડ અને ફુટપાથ રાખવામાં આવ્યા છે. બ્રિજથી બે લાખ જેટલા વાહન ચાલકોને ભવિષ્યમાં લાભ થશે.

આ ઉપરાંત ૮.૫*૮.૫ મીટર પહોળાઇમાં એક અંડરપાસ બનશે. જેમાં પણ ૯.૩૦ની પહોળાઇમાં સર્વિસ રોડ અને ફુટપાથ સામેલ છે. આ ઓવરબ્રિજ અને અંડરબ્રિજના આયોજનની દરખાસ્ત અંગે કુલ ચાર એજન્સીના ભાવ આવ્યા હતા. તેમાં ગાવર કન્સ્ટ્રક્શન લી. અને બેકબોન કન્સ્ટ્રક્શનનાં જોઇન્ટ વેન્ચરનાં ભાવ ૧૪૧.૭૩ કરોડ સૌથી નીચે હતા. આ ટેન્ડરની શરત મુજબ ત્રૄજી અલગથી ચુકવવાનો હોય છે. આથી, આ કંપનીને કામ આપવા અંગે આવતીકાલની મીટીંગમાં નિર્ણય લેવામાં આવશે. બ્રિજનો રસ્તો થોડો પહોળો રહેશે. ફુટપાથની જરૂર બ્રિજ પર લાગી નથી. આથી, માત્ર ફલાવર બેડ રાખીને ફુટપાથની જગ્યા રસ્તા પર ઉમેરવામાં આવી છે. આ ડિઝાઇન બનતી વખતે જ બ્રિજ નીચે ગેમ ઝોનનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટનો આ પ્રથમ કેબલ બ્રિજ બનશે. કાલાવડ રોડ પર ઓવરબ્રિજ અને તેની નીચે રીંગ રોડની ચોકની બંને દિશામાં અંડરબ્રિજ પણ બનવાનો છે. આથી પ્રોજેકટ ખૂબ જ મોટો અને મહત્વનો ગણાવાઇ રહ્યો છે. ટેન્ડરમાં કુલ ચાર એજન્સી આવી હતી, જેમાં બેકબોનના જોઇન્ટ વેન્ચરે સૌથી નીચા ૧૪૧.૭૩ કરોડના ભાવ આપ્યા છે તો ઇન્ફ્રાટેક કંપનીએ ૧૪૨ કરોડ અને મંગલમ બિલ્ડકોને ૧૫૩.૧૯ કરોડ તેમજ વિજય મિસ્ત્રી કન્સ્ટ્રક્શન પ્રા.લી. કંપનીએ રૂ. ૧૪૭.૪૯ કરોડના ભાવની ઓફર આપી હતી.

કટારીયા ચોકડીએ ફલાય ઓવરની કુલ લંબાઇ પોણો કિ.મી.થી વધુ એટલે કે ૮૦૦ મીટર છે. તો તેની પહોળાઇ ફુટપાથ સહિત ૨૪ મીટરની રહેશે. આ ડિઝાઇનમાં પ્લાન્ટેશન પણ છે. મધ્ય ભાગ ૧૬૦ મીટરનો છે. આ બ્રિજ જલારામ ફૂડ કોર્ટથી શરૂ થશે અને કોસ્મો પ્લેકસ પાસે પૂરો થશે. આ બ્રિજ હેઠળ ગેમ ઝોન બનાવવાનું પણ મહાપાલિકાનું આયોજન છે.


# શરદી - ઉધરસ સહિતના રોગચાળામાં એકાએક વધારો

## ગત સપ્તાહે ઠંડી – ગરમીના અનુભવ વચ્ચે શરદી – ઉધરસના ૧૦૮૨, તાવના ૭૭૩ દર્દી નોંધાયા : મચ્છર ઉત્પત્તિ બદલ ૩૨૭ આસામીઓને નોટીસ

રાજકોટ, તા. ૬

રાજકોટમાં ગત સપ્તાહે ઠંડી ઘટયા બાદ આજથી ફરી ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થયો છે. તે દરમ્યાન ગત અઠવાડિયે ઠંડી અને ગરમી બંનેના અનુભવ વચ્ચે સિઝનલ રોગચાળાના કેસમાં ઉછાળો આવ્યો છે. આ કેસ ફરી બે હજારને પાર થયા છે. તો મચ્છરજન્ય રોગ નિયંત્રણમાં હોવાનો તંત્રનો દાવો છે.

આરોગ્ય અને મેલેરીયા શાખાએ આજે જાહેર કરેલા આંકડા મુજબ તા.૩૦-૧૨થી તા.૫-૧ સુધીના સપ્તાહમાં શરદી-ઉધરસના ૧૦૮૨, સામાન્ય તાવના ૭૭૩, ઝાડા-ઉલ્ટીના ૧૫૬ અને ટાઇફોઇડ તાવના બે કેસ આવ્યા છે. આ સિઝનલ ૨૦૧૫ કેસ સિવાય ખાનગી દવાખાનાઓમાં દર્દીઓનો આંકડો મોટો હોવાનું તબીબો કહી રહ્યા છે. અઠવાડિયામાં મેલેરીયા અને ડેંગ્યુનો માત્ર એક-એક નવો કેસ આવ્યો છે.




ડેંગ્યુ જેવા રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૩૦-૧૨ થી તા.૫-૧ દરમ્યાન ૨૩,૬૫૪ ઘરોમાં પોરાનાશક અને ફિલ્ડવર્કરો દ્વારા ૭૫૯ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે.

સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પ્લેક્સ, ઔદ્યોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળે તો બાયલોઝ અંતર્ગત નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવે છે.

જે હેઠળ રહેણાક સિવાય અન્ય ૩૮૨ પ્રીમાઇસીસમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૨૫૨ અને કોર્મશીયલ ૭૫ આસામીને નોટીસ આપવામાં આવ્યાનું આરોગ્ય વિભાગે જણાવ્યું હતું.

## રાજકોટમાં HMPV વાયરસનો કેસ નથી:લોકોએ ડરવાની નહીં સાવચેતી રાખવાની જરૂર : આરોગ્ય અધિકારી

ચીનમાં માનવ મેટાન્યુમોવાઈરસ(ઈંખડ્ટ)ના પ્રકોપની ઘટનાઓ સતત વધી રહી છે. ગુજરાતમાં અને ભારતમાં પણ આ વાયરસના કેસો સામે આવવા લાગ્યા છે. ત્યારે કોરોના બાદ ઝડપથી ફેલાઈ રહેલા આ વાયરસ વિશે મનપાનાં આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ વિગતો આપી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, હાલમાં રાજકોટમાં ઈંખડ્ટ વાયરસનો કોઈ કેસ આવ્યો નથી. વાયરસનાં લક્ષણો સામાન્ય ફલૂ જેવા હોય છે. અને નાના બાળકો અને વયોવૃદ્ધ લોકોમાં વધુ જોવા મળે છે. જોકે લોકોએ ડરવાની નહીં સાવચેતી રાખવાની જરૂર છે.

મનપાનાં આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ આ અંગે જણાવ્યું હતું કે, હાલ ચીનમાં મેટાન્યુમોવાઈરસ (ઈંખડ્ટ)નાં કેસો વધી રહ્યા છે. જોકે રાજકોટમાં આ વાયરસનો કોઈ કેસ હજુસુધી સામે આવ્યો નથી. આ વાયરસના લક્ષણો સામાન્ય શરદી-ઉધરસ જેવા હોય છે. કોઈ ખાસ લક્ષણ હોતા નથી. ખાસ કરીને બાળકો ઉપરાંત વયોવૃદ્ધ લોકોમાં તેમજ ઇમ્યુનિટી ઓછી હોય તેવા લોકોને આ વાયરસની અસર થાય છે. આ વાયરસ શ્વસન તંત્ર દ્વારા ફેલાતો એક ચેપી રોગ છે. આ વાયરસમાં સામાન્ય શરદી જેવા લક્ષણો હોય છે. પરંતુ વાયરસની તીવ્રતા જે-તે વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ ઉપર આધારિત રહે છે. આમ કોઈપણ વ્યકતીને આ વાયરસનું ઇન્ફેક્શન લાગી શકે છે.

## ન્યારામાં રૂા.30 કરોડની સરકારી જમીન પરનુ દબાણ હટાવતુ રેવન્યુતંત્ર



### સર્વે નં.૨૧૪ની છ એકર જમીન પર અનઅધિકૃત રીતે ક્રિકેટ ગ્રાઉન્ડ ખડકી ભાડે અપાતુ હતુ

રાજકોટ,તા.૬

રાજકોટ નજીકના ન્યારામાં સર્વે નં.૨૧૪ની સરકારી જમીન પર અનઅધિકૃત રીતે ખડકી દેવાયેલ ક્રિકેટના મેદાનની સાફસુફી કરી રૂા.30 કરોડની જમીન પરનુ દબાણ રેવન્યુ તંત્ર દ્વારા હરાવવામાં આવેલ હતું.પાંતઅધિકારી વિમલ ચક્રવર્તીના માર્ગદર્શન હેઠળ પડધરી તાલુકા મામલતદાર કેતન સખીયા અને તેમની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે સરકારી જમીન પરના દબાણની આ સાફસુફી કરી હતી.


સૂત્રોના જણાવ્યા અનુસાર ન્યારાની સર્વે નં.૨૧૪ની સરકારી છ એકર જમીન પર ગેરકાયદેસર રીતે ક્રિકેટની બે પીચ બનાવવામાં આવી હતી. સરકારી છ એકર જમીન પર ગેરકાયદે રીતે ક્રિકેટનું મેદાન બનાવી તેને ભાડે અપાતું હતું. આ અંગેની ફરિયાદ રેવન્યુ તંત્ર પાસે પહોંચતા જ રાજકોટ ગ્રામ્ય પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તીના માર્ગદર્શન હેઠળ તાલુકા મામલતદાર કેતન સખીયા દ્વારા નોટીસ ફટકારાયા બાદ આજે ઉઘડતી કચેરીએ જ તેમની ટીમ અને પોલીસ કાફલા સાથે ન્યારા દોડી જઈ દબાણ હટાવી રૂા.30 કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવી હતી.

## રસ્તા પર થર્મોપ્લાસ્ટના પટ્ટા મારવાના કામનું રી-ટેન્ડર કરાતા એજન્સી ડાહી થઇ ગઇ : ભાવ ૩૨% ઘટાડી દીધા

### સ્ટે.ચેરમેને રાજમાર્ગો ઉપરાંત આંતરિક રસ્તા અને શેરીઓની જવાબદારી પણ ઉમેરી : કાલની મીટીંગમાં ૬૭ દરખાસ્તો

રાજકોટ, તા. ૬

રાજકોટ મહાપાલિકાની સ્ટે.કમીટીની કાલે મળનારી મીટીંગના એજન્ડા પર કુલ ૬૭ દરખાસ્તો છે. જુદા જુદા પ્રોજેકટથી માંડી વિકાસ કામોનો જેમાં સમાવેશ છે. અગાઉની મીટીંગમાં ચેરમેને રાજકોટના મુખ્ય રાજમાર્ગો પર ટ્રાફિક માટે થર્મોપ્લાસ્ટથી રોડ માર્કિંગ કરવાના કામની દરખાસ્ત રી-ટેન્ડરમાં મોકલી દેતા એ જ એજન્સી ૭ લાખ સસ્તા ભાવે અને માત્ર રાજમાર્ગો નહીં પરંતુ પૂરા શહેરના સ્પીડ બ્રેકરવાળા રસ્તે થર્મોપ્લાસ્ટ કરી દેવા તૈયાર થઇ છે.



આ દરખાસ્ત અંગે માહિતી આપતા ચેરમેને કહ્યું કે, બે મીટીંગ અગાઉ ઇસ્ટ, સેન્ટ્રલ અને વેસ્ટ ઝોનના મુખ્ય રસ્તાઓ પર માર્કિંગ કરવાનું કામ મંજૂર કરાયું ન હતું. જે તે વખતે વિનાયક કોર્પોરેશન નામની એજન્સીએ ૧.૦૮ કરોડમાં કામ માંગ્યુ હતું.

આ સમયે ૧૫ ટકા ઓછા ભાવની ઓફર થઇ હતી. જેમાં રી-ટેન્ડર કરાવાતા ચોથા પ્રયત્નમાં આ જ એજન્સી ૩૨.૦૫ ટકા ઓછા ભાવે કામ કરવા તૈયાર થઇ છે. તેનાથી ૭ લાખનો ફાયદો થયો છે. પરંતુ રકમ કરતા શહેરના તમામ વોર્ડના જયાં જયાં જરૂર હોય તે રહેણાંક સહિતના વિસ્તારના રસ્તા પર સ્પીડ બ્રેકર અને તેની આજુબાજુમાં થર્મોપ્લાસ્ટ કરાવવામાં આવશે. છેલ્લા ટેન્ડરમાં ૪૮ રાજમાર્ગોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. હવે હોસ્પિટલ ચોકના સર્વિસ રોડ અને બ્રીજ, મુખ્ય રસ્તા ઉપરાંત આંતરીક રસ્તા ઉપરાંત શેરીઓના સ્પીડ બ્રેકર પણ સામેલ કરી લેવામાં આવ્યા છે. અગાઉ એજન્સીએ છ માસની જાળવણી કરવાની હતી. પરંતુ હવે એક વર્ષ સુધી એજન્સીએ આ સફેદ પટ્ટાની જાળવણી કરવાની શરત ઉમેરવામાં આવી છે.

સ્વર્ણિમ જયંતિ યોજના હેઠળ રાજકોટ મહાપાલિકા વિસ્તારમાં રખડતા ઢોર નિયંત્રણ માટેની દરખાસ્ત સરકારમાં કરવામાં આવશે. ઢોરનો ત્રાસ દુર કરવા સરકારના માર્ગદર્શન હેઠળ નવી નીતિ અમલમાં આવી છે. આ અંતર્ગતની કામગીરી માટે ૧૧ કરોડની ગ્રાન્ટ માંગવા પણ કાલની મીટીંગમાં કાર્યવાહી કરવામાં આવશે તેમ ચેરમેન કહ્યું હતું.

# ગોંડલ માર્કેટિંગયાર્ડમાં નવા લસણની આવકના શ્રીગણેશ

### ૨૦ કિલોના ભાવ રૂ. ૩૫૧૧ બોલાયા, ૧૮૦ કિલોની આવક; મુહૂર્તનો સોદો થતાં ખેડૂતો-વેપારીઓએ મોં મીઠા કર્યા

ગોંડલઃ સૌરાષ્ટ્રના અગ્રિમ ગણાતાં રાજકોટ જિલ્લાના ગોંડલ માર્કેટિંગયાર્ડમાં નવા લસણની આવક થઈ હતી. ગોંડલ માર્કેટયાર્ડમાં ૧૫ કટ્ટા નવું લસણ આવ્યું છે, જેમાં પ્રથમ ખેડૂતને નવા લસણના મુહૂર્તના ૨૦ કિલોના ભાવ રૂપિયા ૩૫૧૧/- મળ્યા હતા. પ્રથમ દિવસે ૪ કટ્ટા એટલે કે ૧૮૦ કિલોની આવક થઇ હતી. જેમાં કેશોદ તાલુકા ગામ પ્રાસલીના ખેડૂત દિલીપભાઈ વાઢિયા નવું લસણ લઈને ગોંડલ યાર્ડમાં આવ્યા હતા. સ્વસ્તિક ટ્રેડિંગના વિનોદભાઈ સખિયાએ નવા લસણની ખરીદી કરી છે. મુહૂર્તના સોદો કરી ખેડૂતો અને વેપારીઓને મોં મીઠા કરાવવામાં આવ્યા હતા.

નવા લસણની આવક શરૂ થઈ જતાં ખેડૂતો અને વેપારીએ રાહતનો શ્વાસ લીધો છે. ગોંડલ માર્કેટયાર્ડમાં દેશભરમાંથી વેપારી લસણ ખરીદવા માટે આવે છે. રેગ્યુલર ૫ હજાર કટ્ટાની લસણની આવક નોંધાય છે. જયારે ૨૦ કિલોનો ભાવ ૨૫૦૦થી ૩૫૦૦ સુધીના ભાવ બોલાય છે.

કેશોદ તાલુકાનું પ્રાસલી ગામના ખેડૂતએ જણાવ્યુ કે, મેં ૩ વીઘાનું લસણ વાવ્યું હતું. ૪ કટ્ટા લસણ લઈને આવ્યો હતો અને અહીં મુહૂર્તમાં ભાવ સારા મળ્યા છે. ૩૫૧૧ રૂપિયામાં નવા લસણની ખરીદીનું મુહૂર્ત થયું છે.ગોંડલ યાર્ડના વેપારીએ જણાવ્યું હતું કે, નવા લસણ ૮ કટ્ટાની આવક હતી. જેમાંથી ૪ કટ્ટાની ખરીદી કરી છે અને ૩૫૧૧/- માં લીધું છે.

# ભાજપ જિલ્લા અને મહાનગરોમાં પ્રમુખ બનવા ૨૦ થી ૪૦ દાવેદારોઃ સુરતમાં તો ૭૦ દાવેદારો

### દાવેદારી મંગાવાતા ફ્રી ફોર ઓલ જેવી સ્થિતિ સર્જાણીઃ સ્થાનિક સ્તરે નિરીક્ષકો સમક્ષ સામસામે રજૂઆતઃ ગાંધીનગરમાં પણ લોબીંગ ચાલુ

રાજકોટ, તા.૬

ગુજરાત ભાજપમાં નવા સંગઠનની રચના માટે હાથ ધરાયેલી કવાયતમાં હવે રાજયભરમાં જિલ્લા અને મહાનગર પ્રમુખ નિશ્ચિત કરવા માટે પહેલા દાવેદારી અને પછી પ્રદેશ નિરિક્ષકો દ્વારા સંકલનની બેઠકમાં જે રીતે સ્થાનિક સ્તરે સાંસદ, ધારાસભ્યો અને સંગઠન સાથે જોડાયેલા મહત્વના હોદેદારો સાથે ચર્ચા કરીને હવે તખ્તો ગાંધીનગર ફેરવાયો છે.




એક કે બે દિવસમાં જ તેનો નિર્ણય લઇ લેવાશે તે વચ્ચે રાજયભરમાં જે રીતે જિલ્લા અને મહાનગર પ્રમુખ માટે જે રીતે દાવેદારીના ફોર્મ મંગાયા અને આખરી ઘડી સુધી દાવેદારની લાયકાતો અંગે પણ છેલ્લી ઘડી સુધી સસ્પેન્સ રાખી તે અંગે પણ પ્રથમ વખત ભાજપમાં સંગઠનની રચનામાં ઘણી બધી દ્વીધાઓ જોવા મળી હોય તેવા સંકેત મળ્યા છે.

ખાસ કરીને તમામ મહાનગરોમાં પ્રમુખ બનવા માટે ૨૦ થી ૪૦ અને સુરત જેવા શહેરમાં ૭૦ જેટલા દાવેદારોએ ફોર્મ ભરતાં આખરી પસંદગીમાં મોવડી મંડળ માટે તમામ જુથોને રાજી રાખવાનું મુશ્કેલ બની જશે તેવી શક્યતા પક્ષમાં દર્શાવાઈ રહી છે. છેલ્લા ચાર થી પાંચ વર્ષમાં સંગઠનમાં જે રીતે સ્પ્રીંગ દબાવી રાખવામાં આવી હતી તે હવે ઉછળી હોવાની પણ ચર્ચા છે.

છેક ગાંધીનગર સુધી પ્રમુખનું લોબીંગ પહોંચી ગયું છે. ભૂતકાળમાં ભાગ્યે જ જોવા મળતા હતા તેવા દ્રશ્યો હવે જિલ્લા અને મહાનગરના કાર્યાલયોમાં જોવા મળી રહ્યા છે. આગામી એક કે બે દિવસમાં ગુજરાત ભાજપની કૌર કમિટિની બેઠક મળશે અને તેમાં પ્રમુખની પસંદગી જાહેર થશે તેવા સંકેત છે.

પક્ષના સુત્રોના જણાવ્યા મુજબ ભાજપે આ રીતે સંગઠનના

### મતદાર યાદીમાં નવા ૩૨૪૬૯ મતદાતાઓ નોંધાયા : ૧૬૩૨૨ નામ કમી કરાયા

# રાજકોટ જિલ્લામાં મતદારોની સંખ્યા વધીને ૨૩૭૪૬૦૪ થઈ : આખરી મતદારયાદી પ્રસિદ્ધિ

### રાજકોટ ઈસ્ટમાં ૩૦૬૪૯૧, વેસ્ટમાં ૩૬૩૬૮૩ સાઉથમાં ૨૫૯૧૩૯ ગ્રામ્યમાં ૩૯૫૧૬૩, જસદણમાં ૨૬૬૮૬૩, ગોંડલમાં ૨૩૩૨૬૩, જેતપુરમાં ૨૭૯૯૦૮ અને ધોરાજી વિધાનસભા વિસ્તારમાં ૨૭૭૦૯૪ મતદારો

રાજકોટ,તા.૬

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર અને ચૂંટણી વિભાગ દ્વારા રાજકોટ જિલ્લામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમનો ગત તા. ૨૯ ઓક્ટોબર ૨૦૨૪ થી પ્રારંભ કરાયા બાદ હાલ તા. ૬ જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન મતદાર યાદીમાં નામ ઉમેરવા, ફેરફાર તેમજ કમી કરવાની પ્રક્રિયાને અંતે હાલ રાજકોટ જિલ્લામાં ૨૩,૭૪,૬૦૪ મતદાતાઓ નોંધાયા હોવાનું જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા જણાવાયું છે.રાજકોટ જિલ્લામાં ગત તા. ૨૯ ઓક્ટોબરની સ્થિતિએ ૨૩,૫૮,૪૫૭ મતદાતાઓની યાદીમાં નવા ૩૨,૪૬૯ મતદાતાઓ ઉમેરાયા છે. જયારે ૧૬૩૨૨ મતદાતાઓના નામ કમી કરવામાં આવ્યા છે. જયારે ૧૬,૪૨૫ જેટલા મતદાતાઓની માહિતીમાં ફેરબદલ કરવામાં આવ્યો છે.

વિધાનસભા મત વિસ્તાર મુજબ ગત ઓક્ટોબર ૨૦૨૪ ની સ્થિતિએ રાજકોટ પૂર્વ (૬૮) માં ૩,૦૪,૭૦૭ મતદાર સૂચીમાં ૩,૭૫૧ નવા મતદાર નોંધાયા છે, જયારે ૧૯૬૭ નામ બાદ કરવામાં આવ્યા છે.જે મળીને હાલની સ્થિતિએ ૩,૦૬,૪૯૧, રાજકોટ પશ્ચિમ (૬૯) મતવિસ્તારમાં ૩,૬૨,૩૬૬ મતદાતર પૈકી નવા ૪૦૯૦ નવા મતદાર અને ૨૭૭૩ મતદાર નામ કમી સાથે કુલ ૩,૬૩,૬૮૩, રાજકોટ દક્ષિણ (૭૦) માં ૨,૫૮,૮૪૮ મતદાર પૈકી ૨૫૩૨ નવા અને ૨૨૪૧ નામ બાદ પછી ૨,૫૯,૧૩૯, રાજકોટ ગ્રામ્ય (૭૧) માં ૩,૮૯,૨૮૬ પૈકી નવા ૮૭૬૪ જયારે ૨૮૮૭ મતદાર નામ કમી કરાતા હાલ ૩૯૫૧૬૩ મતદાતાઓ, જસદણ મત વિસ્તાર (૭૨) માં ૨,૬૩,૯૦૫ ની પૂર્વ પરિસ્થિતિએ નવા ૪,૧૮૭ જયારે ૧,૨૨૯ મતદાર કમી કરાયા બાદ હાલ ૨,૬૬,૮૬૩, ગોંડલ વિધાનસભા (૭૩) માં ૨,૩૧,૮૭૬ પૈકી નવા ૨૯૪૦ મતદાતા ઉમેરાયા છે.

જયારે ૧૫૫૩ મતદારોના નામ બાદ કરવામાં આવતા હાલ ૨,૩૩,૨૬૩ મતદાતાઓ, જયારે જેતપુર (૭૪) વિધાનસભા મતવિસ્તારમાં ૨૭૮૪૯૪ મતદાતાઓ પૈકી નવા ૩૨૫૨ અને ૧૮૩૮ નામ બાદ કરાયા બાદ હાલ ૨,૭૯,૯૦૮ મતદાતાઓ તેમજ ધોરાજી (૭૫) વિધાનસભા મતવિસ્તારમાં ૨૬૮૯૭૫ પૈકી મતદાર યાદી સુધારણા બાદ નવા ૨૯૫૩ નવા મતદારો જયારે ૧૮૩૪ નામ કમી કરાયા બાદ હાલની સ્થિતિએ ૨૭૭૦૯૪ મતદાતાઓ નોંધાયા છે.

આમ રાજકોટ જિલ્લામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ બાદ રાજકોટ જિલ્લામાં ૨૩ લાખ ૭૪ હજાર ૬૦૪ મતદાતાઓ લોકસભા, વિધાનસભા મતદાન માટે નિશ્ચિત કરવામાં આવ્યા હોવાનું જિલ્લા ચૂંટણી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# દુકાનો પાસે ગંદકી કરતા વધુ ૮૦ વેપારીઓને રૂપિયા ૧૯,૩૦૦નો દંડ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ૨૦૨૧ અન્વયે તારીખ ૦૩/૦૧/૨૦૨૫ થી ૦૪/૦૧/૨૦૨૫ એમ કુલ ૨ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૦૩/૦૧/૨૦૨૫ થી ૦૪/૦૧/૨૦૨૫ એમ કુલ ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૮૦ આસામીઓ પાસેથી ૫.૯ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૧૯૩૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૧ આસામીઓ પાસેથી ૪.૬૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૮૨૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૩ આસામીઓ પાસેથી ૦.૧૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૩૧૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૬ આસામીઓ પાસેથી ૧.૦૯ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૮૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ





હોલી સેન્ટ સ્કૂલમા રોડ સેફટી અવેરનેસ કાર્યક્રમ પોલીસ કમિશનર શ્રી બ્રિજેશ ઝાહ સરની ઉપસ્થિતમા યોજાયેલ હતો. જેમાં ડી સી પી પૂજા યાદ, આર ટી ઓ કેતન ખપેડ અને એસ ઈ પી જે બી ગઢવી પણ ઉપસ્થિત રહેલ હતા. ઉપરોકત અધિકારી દ્વાર હોલી સેન્ટ સ્કૂલમા બાળકોને ટ્રાફિક અવેરનેસ અને ટ્રાફિકના નિયમો બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. શ્રી કેતન ખપેડ દ્વારા બાળકોને ગુડ સેમરીટર્ન બાબતે પ્રેકટીકલ કરીને પ્રેરિત કરવામાં આવેલ હતા જયારે શ્રી પૂજા યાદવ દ્વારા ટ્રાફિક સિગ્નલ અને નિયમો બાબતે સમજ આપવામાં અબેલ હતી ઉપરાંત શ્રી જે બી ગઢવી દ્વારા હેલ્મેટ અને શીટ બેલ્ટની ઉપયોગીતા સમજાવવવા મા આવેલ. શ્રી બ્રિજેશ ઝા સાહેબ દ્વારા ટ્રાફિક સાઈનએજના બોર્ડ નું લોકાર્પરણ કરી બાળકોને મોટીવેટ કરવામાં આવેલ હતા.

# સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિજોગ મકર સંક્રાંત નિમિતે જ્ઞાતિ ભોજન સમારોહ

રાજકોટ, તા. ૬ઃ શ્રી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિદ્યા પ્રસારક મંડળની યાદી જણાવે છે રાજકોટ સ્થિત જ્ઞાતિબંધુઓ માટે આગામી તા.૧૪/૦૧/૨૦૨૫ ને મંગળવારના રોજ બાજ નારણજી ભવન કાલાવડ રોડ ખાતે મકર સંક્રાંત પર્વ નિમિતે જ્ઞાતિ ભોજન કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં ભોજન પ્રસાદના યજમાનશ્રી કિરીટભાઈ જટાશંકર દવે, જયોતિબેન કિરીટભાઈ દવે તથા કૌશલભાઈ, વિશાલભાઈ, સોનલબેન, ભુમિકાબેન, વિવા અને અંશ દવે પરીવાર દ્વારા સમુહ જ્ઞાતિ ભોજનનો કાર્યક્રમ સાંજના ૭ઃ૦૦ થી ૯ઃ૦૦ કલાક દરમ્યાન રાખેલ છે, તો સર્વે જ્ઞાતિબંધુઓએ, યુવાનમિત્રોએ જ્ઞાતિના આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેવા મંડળ તથા યજમાન પરીવાર તરફથી નિમંત્રણ પાઠવવામાં આવે છે. તેમજ ઉત્તરાયણ નિમિતે મંડળને મેડીકલમાં દાન આપવા માટે મંડળના માનદ મંત્રી વિપુલ દવેની યાદીમાં જણાવાયું છે.

# ગ્રામ્ય ઈકોનોમીને મજબૂત બનાવવામાં કોન્ટ્રાક્ટ ફાર્મિંગ ભૂમિકા મહત્ત્વની, ખેડૂતોની આવકમાં ઝડપી વૃદ્ધિ થશે

નવી દિલ્હીઃ ઈનોવેશન અને ટેકનેલોજીને અપનાવવા સાથે સરકાર ગ્રામ્ય અર્થતંત્રને વેગવાન બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહી છે. બજેટમાં પણ ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત કરવા માટે વધુમાં વધુ બજેટ ફાળવણી કરી રહી છે સાથે નેશનલ-મલ્ટીનેશનલ કંપનીઓ ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોની આવક વધારવા અને એગ્રી સેક્ટરમાં ઈનોવેશન-ટેકનેલોજીના માધ્યમથી ઉત્પાદન અને ઉત્પાદકત્તા વધારવા માટે વધુમાં વધુ ખેડૂતોને જોડીને કોન્ટ્રાક્ટ ફાર્મિંગ અપનાવી રહ્યાં છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં કોન્ટ્રાક્ટ ફાર્મિંગ આશાના કિરણ તરીકે ઊભરી આવ્યું છે જે ખેડૂતો અને ફૂડ પ્રોસેસિંગ કંપનીઓ બંને માટે સાનુકૂળ તકે। રજૂ કરે છે તેમ હાયફન ફૂડ્સના એમડી-ગ્રુપ સીઈઓ હરેશ કરમચંદાનીએ નિર્દેશ કર્યો હતો. વધુમાં જણાવ્યું કે ભારતના ખેડૂતો અનિશ્ચિત બજારોની રૂખ પર જ કામ કરે છે. બજારમાં થતી વધઘટના લીધે ઘણીવાર તેમને આકરી મહેનત કરી હોવા છતાં નજીવો નફો મળે છે અને કોઈકવાર ખોટ પણ જાય છે. નેશનલ ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા (નીતિ આયોગ)નાઅહેવાલ મુજબ ભારતના લગભગ અડધા ખેડૂતો માસિક રૂ. ૧૦,૦૦૦ કરતાં પણ ઓછી આવક મેળવે છે. આ ઉપરાંત, ખંડિત જમીનો, બિયારણો અને ખાતરો જેવા ગુણવત્તાસભર ઘટકો સુધી મર્યાદિત પહોંચ અને અપૂરતા ટેકિન્કલ જ્ઞાનના લીધે તેમની ઉત્પાદકતા મર્યાદિત રહી જાય છે. અનિશ્ચિતતાના આ વિષચક્રથી નવી ટેકનેલોજી અને ઈનોવેશનમાં રોકાણ નિરુત્સાહી થાય છે જેના લીધે ગ્રામીણ ભારત વિકાસથી વંચિત રહે છે.

કોન્ટ્રાક્ટ ફાર્મિંગ આ પડકારોને દૂર કરવા માટે માળખાકીય અભિગમ પૂરો પાડે છે. ખેડૂતો માટે કોન્ટ્રાક્ટ ફાર્મિંગના અનેક લાભો છે. પહેલું એ કે તેનાથી તેમની પેદાશ માટે ખાતરીપૂર્વકનું બજાર મળે છે જેનાથી તેમને નાણાંકીય સુરક્ષા અને માનસિક શાંતિ મળે છે. તે ખેત ઉત્પાદનમાં પહેલેથી રહેલા બગાડનું જોખમ દૂર કરવા માટે અસરકારક પદ્ધતિ બની રહે છે, ખાસ કરીને વહેલી બગડી જતી વસ્તુઓની બાબતે.

૨૦૧૮ના ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સસ્ટેનેબલ ડેવલપમેન્ટના અભ્યાસમાં જણાયું હતું કે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ વ્યવસ્થાથી ખેડૂતોની આવકમાં ૨૦-30 ટકાનો વધારો થઈ શકે છે.

# DK7 NEWSના તંત્રી, બ્રહ્મક્ષત્રિય સમાજના યુવા આગેવાન બ્રિજેશભાઈ પડીઆનો આજે જન્મદિવસ

DK7 NEWS ના તંત્રી, બ્રહ્મક્ષત્રિય સમાજના યુવા આગેવાન અને ગુજરાતમાં બોહળું મિત્ર વર્તુળ ધરાવતા શ્રી બ્રિજેશભાઈ દિનેશભાઇ પડીઆનો ૦૭ જાન્યુઆરીના રોજ જન્મદિવસ છે, શરૂઆતથી જ સંઘર્ષમય જીવનમા અથાગ પરિશ્રમથી પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરનારા પોઝેટીવ ઉર્જાના સ્ત્રોત એવા શ્રી બ્રિજેશભાઈ પડીઆનો જન્મદિવસ હોય ત્યારે ઠેરઠેરથી શુભકામના અને આર્શીવાદ મળી રહ્યા છે સમાજ સેવા અને લોક હિતકારી કાર્યો મા હંમેશા અગ્રેસર રહી અનેક લોક સમસ્યાઓ ને નીડર રીતે વાચા આપી ને ખરા અર્થમા એકલવીર યોદ્ધા ખરેખર ‘‘લીડર‘‘ સાબિત થયા છે પોતે મીડિયા લાઈનમા હોવા છતાં રાજકારણમાં અને બિન રાજકારણમાં તથા દરેક સમાજના તમામ વર્ગ સાથે આત્મીયતાનો નાતો ધરાવતા સમાજના કામે દરેક ક્ષેત્રે ખડે પગે સેવા અપાતા હોય છે એવા સેવાના ભેખધારી અને ધર્મવીર ને જન્મદિવસ નિમિતે જુગ જુગ જીવો સહ જન્મદિવસની હાર્દિક શુભેચ્છા.






# ફરેણી સ્વામિનારાયણ મંદિર ગાદી સ્થાન જેતપુર દ્વારા ભવ્ય શાકોત્સવ માં ૧૦,૦૦૦થી વધુ હરી ભક્તો ઉમટી પડ્યા

■ **તારીખ ૨૬ ઓક્ટોબર થી ૨ નવેમ્બર ૨૦૨૫ જેતપુર સ્વામિનારાયણ ગાદી સ્થાન તીર્થધામ ખાતે ભવ્ય શતાબ્દી મહોત્સવ ઉજવાશેઃ પૂજ્ય સદગુરુ નીલકંઠચરણદાસ સ્વામી**





તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

ધોરાજી, તા. ૬ઃ ધોરાજી તાલુકાના ફરેણી સ્વામિનારાયણ ગાદી સ્થાન તીર્થધામ જેતપુર દ્વારા મહામંત્ર ધામ ફરેણી ખાતે ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું શાકોત્સવ માં ૧૦૦૦૦થી વધુ હરિભક્તો ભાઈ બહેનોએ મહાપ્રસાદનો દિવ્ય લાભ લીધો હતો. શાકોત્સવમાં લોકોનો ભારે ઘસારો થતાં એક કલાક રસ્તા ચકા જામ થઈ ગયા હતા.

આ સમયે સદગુરુ પૂજ્ય નીલકંઠચરણદાસ સ્વામી એ જેતપુર ખાતે આગામી ૨૬ ઓક્ટોબર ૨૦૨૫ થી ૨ નવેમ્બર ૨૦૨૫ સુધી ભવ્ય શતાબ્દી મહોત્સવ ઉજવવાની જાહેરાત કરી હતી.

ધોરાજી તાલુકાના ફરેણી મહામંત્ર ધામ ખાતે જેતપુર સ્વામિનારાયણ મંદિર ગાદી સ્થાન તીર્થધામ દ્વારા ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પૂજ્ય ગુરુદેવ નીલકંઠચરણદાસ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણના સાનિધ્યમાં પ્રસાદીનું સ્થાન ગણાય છે એ સ્થાન ઉપર ભવ્ય સત્સંગ સભા નું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુદેવ નીલકંઠચરણદાસ સ્વામીએ શાકોત્સવ નો મહિમા આપતા જણાવેલ કે ભગવાન સ્વામિનારાયણ ૬૦ મણ રીંગણા નું શાક બનાવીને એ સમયમાં ભવ્ય ઉત્સવ ઉજવ્યો હતો ત્યારની પરંપરા ચાલુ છે અને દરેક મંદિરે આ પ્રકારના શાકોત્સવ થઈ રહ્યા છે જેમની સાથે સાથે આગામી ૨૬ ઓક્ટોબર ૨૦૨૫ થી ૨ નવેમ્બર ૨૦૨૫ સુધી જેતપુરના આંગણે ભવ્ય શતાબ્દી મહોત્સવ ઉજવવાનો છે જેમાં લાખો હરિભક્તો ઉપસ્થિત રહેવાના છે જેના માટે આજથી જ આપણે સૌ સંકલ્પ કરીએ કે શતાબ્દી મહોત્સવ ભવ્ય રીતે ઉજવાય જેતપુરમાં ઉજવાય અને ભવ્ય નહીં પણ દિવ્ય ઉત્સવ ઉજવાય એના ભાગરૂપે સો જેટલી ગ્રામસભા યોજવાનો સંકલ્પ અમોએ સંતો દ્વારા કરવામાં આવ્યો છે અને એમાં અમારા જ્ઞાન સાગર સ્વામી અને ચિત સાગર સ્વામીએ પણ આ બાબતે જહેમત સંતો દ્વારા ઉઠાવી છે તો દરેક હરિભક્તોએ આજથી જ કોઈને કોઈ સંકલ્પ સાથે નિયમ લઈ અને આવનારા શતાબ્દી મહોત્સવને સફળ બનાવવા માટે કામે લાગી જવા આહવાન કર્યું હતું અને તમામ હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. ભવ્ય શાકોત્સવમાં ૧૦,૦૦૦ થી વધારે હરિભક્તોએ રીંગણાના શાકનો મહાપ્રસાદનો ભવ્ય લાભ લીધો હતો આ પ્રસંગે ભારે માનવ મહેરામણ જ પડ્યું હતું અને રસ્તાઓ ચકાજામ થઈ ગયા હતા. ભવ્ય શાકોત્સવને સફળ બનાવવા માટે તમામ હરિભક્તો ભાઈ બહેનોએ છેલ્લા ત્રણ દિવસથી ફરેણી ધામ આવીને જહેમત ઉઠાવી હતી.

## સલાયાથી પવિત્ર કુંભ મેળામાં જતા યાત્રાળુઓને વિદાઈ અપાઈ



ભારતના ઉત્તરપ્રદેશમાં આવેલ પ્રયાગરાજમાં સૌથી મોટા કુંભમેળાનું ભવ્ય આયોજન થઈ રહેલ છે. જે હિન્દુ ધર્મમાં કુંભ મેળા નું અતિ મહત્વ છે ત્યારે સલાયાના પૌરાણિક પાળેશ્વર મહાદેવ મંદિરના મહંત શ્રી પ્રવિણગીરી ગોસ્વામી, તેમજ વાંઝા દરજી સમાજના અગ્રણી મૂળ સલાયા હાલ લંડન નિવાસી કિશોરભાઈ ગોહેલ તથા તુલસીગીરી ગોસ્વામી આજરોજ કુંભમેળામાં પ્રયાગરાજ જવા શિવજીની શીશ ઝુકાવી પ્રસ્થાન કર્યું હતું. જેમને સલાયા શહેર ભાજપ પ્રમુખ લાલજી ભાઈ ભૂવા દ્વારા ફૂલહાર અને ઉપરણા ઓઢાડી અને વિદાઈ આપી હતી. તેમની યાત્રા ફળદાયી અને સુખદ રહે અને યાદગાર રીતે પૂર્ણ થાય એવી શુભેચ્છા પાઠવી હતી.

## શ્રીરામકૃષ્ણ આશ્રમમાં અદ્ભુત સેવાયજ્ઞ દિવ્યાંગોની નારાયણરૂપે પૂજા

રાજકોટ, તા. ૭ઃ શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા દર વર્ષે શ્રીમા શારદાદેવીની જન્મ જયંતીની પાવન ઉજવણીના અંતર્ગત નારાયણ સેવાનો દિવ્ય કાર્યક્રમ યોજવામાં આવે છે. આ ઉજવણીમાં માનવતાના ઊંચા આદર્શોને વ્યક્ત કરતી અનોખી સેવા આપવામાં આવે છે, જ્યાં શારીરિક અને માનસિક રીતે દિવ્યાંગ, વૃદ્ધો અને અનાથોની નારાયણરૂપે પૂજા થાય છે.



આ વર્ષે તા. ૫ જાન્યુઆરીએ આશ્રમમાં ૧૩૦૦થી વધુ નર-નારાયણોએ પધરામણી કરી. તેઓનું સાધુ-સંતો અને ભક્તો દ્વારા તિલક તથા પુષ્પોથી સન્માનપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું. સૌએ આશ્રમના પવિત્ર મંદિરમાં દર્શન કરીને ભજન-કીર્તનનો અનોખો આધ્યાત્મિક આનંદ અનુભવ્યો.

ત્યારબાદ સૌને ખૂબ જ પ્રેમ અને સન્માન સાથે ભોજન-પ્રસાદ પીરસવામાં આવ્યો. સહુ નરરૂપી નારાયણને ભેટરૂપે ચટાઈ આપવામાં આવી. આ કાર્યક્રમ માનવતાના ભાવ અને ભક્તિના અદ્વિતીય મિશ્રણને ઉજાગર કરે છે અને શ્રીરામકૃષ્ણ આશ્રમની સેવા-સાધનાના દિવ્ય ઉદ્દેશ્યોને પ્રગટ કરે છે.

# રૂ.૮.૯૦ કરોડનો જીએસટી ઉઘરાવીને સરકારમાં જમા ન કરાવવાના ગુન્હામાં XERXES કંપનીના ડાયરેક્ટર વિરભદ્રસિંહ ચૌહાણ જામીન મુક્ત

- **ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, વિવિધ જિલ્લા પંચાયતો, કલેક્ટર ઓફિસ તથા ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન ઓફિસને મેન પાવર સપ્લાય કરતી કંપની દ્વારા ઉઘરાવેલ વેરો ચાઉં કરી જતાં સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા ગુન્હો નોંધવામાં આવેલ**





રાજકોટ, તા.૬ઃ સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા જીએસટી કાયદાની કલમ ૧૩૨(૧)(ડી) અને ૧૩૨(૧)(એફ) ના ગુન્હા સબબ રૂા. ૮.૯૦ કરોડનો જીએસટી ઉઘરાવીને સરકારી તિજોરીમાં ડિપોઝિટ ન કરાવવાનાં આરોપસર એક્સઆરએક્સ એચઆર સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડના મેનેજીંગ ડાયરેક્ટર વિરભદ્રસિંહ ચૌહાણની ધરપકડ થયા બાદ આરોપી વેપારી દ્વારા જામીન ઉપર મુક્ત થવા માટે કરેલી અરજીની સુનવણી થતા વેપારીને જામીન ઉપર મુક્ત કરતો હુકમ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા તાજેતરમાં ફરમાવવામાં આવેલ છે.

આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે રાજ્યભરના વિવિધ સરકારી એકમો જેવા કે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, જિલ્લા પંચાયતો, કલેક્ટર ઓફિસ, ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન ઓફિસ, વિગેરેને મેન પાવર સપ્લાય કરતી કંપની એક્સઆરએક્સ એચઆર સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડના ધંધાના સ્થળે સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા ગુપ્ત માહિતીના આધારે દરોડા પાડવામાં આવેલ અને સર્ચ-સીઝર ઓપરેશન હાથ ધરવામાં આવેલ. સદરહુ સર્ચ ઓપરેશનના અંતે સીજીએસટી વિભાગ દ્વારા થોકબંધ ધંધાકીય સાહિત્ય, ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ, વિગેરે જપ્ત કરવામાં આવેલ. ત્યારબાદ જીએસટી કાયદાની કલમ ૭૦ હેઠળ સમન્સ આપી નિવેદન નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. સદરહુ સમગ્ર તપાસ દરમ્યાન આ કામના આરોપી વેપારી દ્વારા આપેલ સર્વિસ પેટે ઉક્ત સરકારી એકમો પાસેથી રૂ.૮.૯૦ કરોડનો જીએસટી ઉઘરાવીને સરકારશ્રીની તિજોરીમાં ડિપોઝિટ ન કરેલ હોવાનું ધ્યાને આવેલ. વધુમાં આરોપી વેપારીની કંપનીનું જીએસટી રજીસ્ટ્રેશન મે- ૨૦૧૮માં મેળવેલ હોવા છતાં નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં પણ ગેરકાયદેસર રીતે વેરો ઉઘરાવેલ હોવાનું ધ્યાને આવેલ. તદ્ઉપરાંત ઉક્ત કંપનીનું જીએસટી રજીસ્ટ્રેશન તા.૦૧/૦૪/૨૦૧૯ થી પત્રકો તથા વેરો ન ભરવાના કારણોસર રદ થઈ ગયા બાદ પણ ધંધો ચાલુ રાખેલ હોવાનું અને જીએસટી ઉઘરાવવાનું પણ ચાલુ રાખેલ હોવાનું ધ્યાને આવેલ. વધુમાં તપાસને ગેરમાર્ગે દોરવા બનાવટી નાણાકીય દસ્તાવેજો બનાવેલ હોવાનું અને બેન્ક એકાઉન્ટની વિગતો છુપાવેલ હોવાનું પણ ધ્યાને આવેલ. ત્યારબાદ આરોપી વિરભદ્રસિંહ ચૌહાણની ધરપકડ કરવામાં આવેલ. આરોપી વેપારીને નામદાર મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરાતા વેપારીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ. ત્યારબાદ જામીન ઉપર મુક્ત થવા આરોપી વેપારી દ્વારા પોતાના વકીલ મારફત નામદાર ગુજરાત હાઇકોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવેલ. ઉપરોક્ત બંન્ને પક્ષોની દલીલોના અંતે બચાવ પક્ષની દલીલોને માન્ય રાખીને નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા અરજદાર વેપારીને કેટલીક શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરતો હુકમ તાજેતરમાં ફરમાવવામાં આવેલ. ઉપરોક્ત કેસમાં વેપારી વિરભદ્રસિંહ ચૌહાણ વતી ગુજરાત હાઇકોર્ટના જાણીતા ધારાશાસ્ત્રી અપૂર્વ એન. મહેતા તથા જયદીપ એમ. કુકડીયા રોકાયેલા હતા.

# કાલાવડમાં લેઉવા પટેલ સમાજનું સ્નેહમિલન યોજાયું




કાલાવડ, તા. ૬ઃ કાલાવડ તાલુકા લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ દ્વારા કાલાવડ શહેરના પરંપરા પ્રમાણે શનિવારે કાલાવડ શહેરના બાલાંભડી રોડ ખાતે અતિ આધુનિક નિર્માણાધીન સમાજ ભવન ખાતે લેઉવા પટેલ સમાજનું ભવ્ય સ્નેહ-મિલન તેમજ ૧૭મા સમૂહ ભોજનનું આયોજન થયું હતું જેમાં લેઉવા પટેલ સમાજના શ્રેષ્ઠીઓ, દાતાઓ, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, નવયુવાનો તેમજ બાળકો હાજર રહી કાર્યક્રમને શોભવ્યો હતો.સાહિત્યકાર શ્રી મનસુખભાઇ વસોયા તેમજ ભીખાભાઇ બુસા દ્વારા સમાજ ઉપયોગી સાહિત્યનું જ્ઞાન અર્પિત કરી સમાજને શ્રેષ્ઠ રાહ ચીંધી હતી. આ કાર્યક્રમને સફળ અને ભવ્ય બનાવવા માટે ''સંગઠન એ જ સમજણ'' અને ''સમજણ એ જ સંગઠન'' ના સૂત્રને ચરિતાર્થ કરવા લેઉવા પટેલ સમાજના પ્રમુખ શ્રી ભરતભાઇ એન ડેસિયા(પટેલ જ્વેલર્સ), તેમજ ટ્રસ્ટીઓ શ્રી વિનુભાઇ એસ વસોયા, ધીરજભાઇ એસ વસોયા, મનસુખભાઇ એસ સાવલિયા, અરજનભાઇ સોજીત્રા, હિતેષ અકબરી, રાજુ નંદાણીયા, હિતેશ સાંગાણી, હાર્દિક એન અકબરી, છગનભાઇ ફળદુ અને સમાજના દરેક યુવાનો અને વડીલ અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવ્યો. અને આ કાર્યક્રમમાં પધારેલા તમામ જ્ઞાતિબંધુ ભાયો તેમજ બહેનોનો ટ્રસ્ટીગણોએ આભાર માન્યો હતો.

# એમ. ડી. મહેતા ગર્લ્સ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે રમતોત્સવનું આયોજન કરાયું





ધ્રોલ, તા. ૬: શ્રી એમ. ડી. મહેતા ગર્લ્સ હાઈસ્કૂલ ધ્રોલમાં શ્રી એમ. ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ અને શ્રીમતી કાન્તાગૌરી ગૌરીશંકર રાવળ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સંસ્થાના પ્રાથમિકથી શરૂ કરીને કોલેજ સુધીના તમામ વિભાગોના વિદ્યાર્થીઓ માટે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું જે અંતર્ગત લગભગ ૮૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધેલ . આ કાર્યક્રમમાં સંસ્થાના સેક્રેટરી શ્રી સુધાબેન ખંઢેરીયા, શ્રી જવાહરભાઈ રાવલ અને તેમના ધર્મપત્ની શ્રી લોરી મેડમ, જોઈન્ટ સેક્રેટરી શ્રી હંસાબેન મહેતા,મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી મીનાબેન શેઠ, શ્રી પાર્થભાઈ પંડ્યા,કોઓર્ડીનેટર શ્રી સરોજબેન ડેર, વાલી મંડળના સભ્યશ્રીઓ, વિવિધ વિભાગીય વડાશ્રીઓ, તમામ સ્ટાફ તથા તમામ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું ઉદઘાટન શ્રી જવાહરભાઈ અને શ્રી લોરી મેડમ,સંસ્થાના સેક્રેટરી શ્રી સુધાબેન ખંઢેરીયાના વરદ હસ્તે રીબન કાપીને કરવામાં આવ્યું. મહેમાનશ્રીઓનું કુમકુમ તિલક અને કાર્ડ દ્વારા સ્વાગત-અભિવાદન કર્યા બાદ આચાર્યાશ્રી નિતાબેન દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. મહેમાનશ્રી ઓના હસ્તે મશાલ પ્રગટાવીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. વોલીબોલ, રસ્સાખેંચ, લગોરી હેન્ડબોલ જેવી ટીમ રમતો અને કુસ્તી લાંબીકૂદ, ગોળા ફેંક, ૨૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, દોરડાકૂદ, અને સિક્કાશોધ જેવી વ્યક્તિગત રમતોમાં એક થી ત્રણ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે સર્ટિફિકેટ અને શિલ્ડ એનાયત કરવામાં આવ્યા. તમામ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો.

આ તકે શ્રી જવાહરભાઈ, શ્રી લોરી મેડમ અને શ્રી સુધાબેન ખંઢેરીયાએ પોતાના પ્રસંગિક ઉદ્દબોધનમાં જીવનમાં રમત ગમતનું મહત્વ સમજાવ્યું. ‘‘ખેલેગા ઈન્ડિયા તો ખીલેગા ઈન્ડિયા‘‘ એ બાબત સમજાવી. આ ઉપરાંત કેમ્પસના કર્મચારીઓની પણ રસ્સાખેંચ સ્પર્ધા યોજાઈ.

ઉદઘાટન કાર્યક્રમ દરમિયાન પ્રાથમિક અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો. સાંસ્કૃતિક કૃતિ રજૂ કરીને આભાર વિધિ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના સેક્રેટરી શ્રી સુધાબેનના માર્ગદર્શન હેઠળ શાળાના આચાર્યશ્રી શ્રી નીતાબેન દ્વારા કરવામાં આવ્યું જેનું સફળ સંચાલન શ્રી પુષ્પાબેન નકુમ, શ્રી જાગૃતિબેન પટેલ અને સમાપન કાર્યક્રમનું સંચાલન શ્રી ટ્વિંકલબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું તથા એમને શાળાના તમામ સ્ટાફે મદદ કરી હતી. રમતોત્સવ માં ભાગ લેવા બદલ સંસ્થાના ચેરમેન શ્રી ધર્મેશભાઈ મહેતાએ ભાગ લેનાર અને નંબર મેળવનારને તથા સમગ્ર સ્ટાફને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા.

# સૌ. યુનિ.ના ખેલાડીઓ માટે હવે રીમીડીયલ પરીક્ષા લેવાશે

**■ રાજ્ય–રાષ્ટ્રીય કક્ષાએ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરતા ખેલાડીઓની અલગથી એક્ઝામ લેવાશે, પરિણામમાં હવે ATKT નહીં લખાય**




રાજકોટ, તા. ૭: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્નાતકમાં અભ્યાસ કરતા સેમેસ્ટર ૩ના ૫૪,૯૧૬ વિદ્યાર્થીઓની પરીક્ષા ગત ૧૭ ડિસેમ્બરના શરૂ થઈ હતી. જે પરીક્ષામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ રોશન કરવા NCCના નેશનલ કેમ્પમાં ગયેલી વિદ્યાર્થિની સહિતનાની રીમીડીયલ પરીક્ષા લેવામાં ન આવતા સેમેસ્ટર-૬માં પહોંચી ગયેલી છાત્રાએ હવે સેમેસ્ટર-૩ની પરીક્ષા આપવી પડી રહી હોવાની સમસ્યા સામે આવી હતી.

યુનિવર્સિટી દ્વારા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે કે સેમેસ્ટર-૫ અને સેમેસ્ટર-૩ની પરીક્ષા દરમિયાન ખેલાડીઓ આંતર યુનિવર્સિટી સ્પર્ધા રમવા ગયા હોય તો તેઓની રીમીડીયલ પરીક્ષા લેવામાં આવશે અને આગામી સમયમાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવા જતા ખેલાડીઓ કે વિદ્યાર્થીઓની અલગથી તુરંત એક્ઝામ લેવામાં આવશે અને તે વિદ્યાર્થીના પરિણામમાં ATKT લખવામાં નહીં આવે. જે અત્યારસુધી લખવામાં આવતું હતું.

તે વખતે રાજકોટની જે. એચ. ભાલોડીયા વિમેન્સ કોલેજમા ટીવાય બીકોમમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની દીક્ષિતા પરમારે જણાવ્યું હતું કે, NCCનો સૌથી મોટો RDC (રિપબ્લિક ડે કેમ્પ) દિલ્હીમાં યોજાયો હતો. જે નેશનલ કેમ્પમાં હું ગઈ હોવાથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષા આપી શકી ન હતી. બાદમાં મારી સેમેસ્ટર ૩ની રીમીડીયલ પરીક્ષા લેવામાં આવી ન હતી. જેથી મારે એક વર્ષ સુધી રાહ જોવી પડી અને અત્યારે ૭ પેપરની પરીક્ષા આપવી પડી રહી છે અને હું આ પરીક્ષા આપવાવાળી એક માત્ર વિદ્યાર્થિની છું. સેમેસ્ટર-૫ની પરીક્ષા હમણાં જ પૂર્ણ થઈ અને હવે તુરંત સેમેસ્ટર ૩ની પરીક્ષા આપવી પડી રહી છે. વધુમાં અગાઉ તેમણે જણાવ્યું હતું કે, મારે નુકસાન એ જાય કે સેમેસ્ટર ૩નો સિલેબસ રીપીટ કરવો પડે. ૭ પેપરની પરીક્ષા આપવા માટે ફરીથી અભ્યાસ કરવો પડે. વર્ષ ૨૦૨૩માં ડિસેમ્બર માસ દરમિયાન અમદાવાદમાં નેશનલ કેમ્પનું સિલેક્શન હતું.

### ૨૦૧૦ પછીના વિદ્યાર્થીઓને પાસ થવાની તક આપો

# સૌરાષ્ટ્ર યુનિ.માં ખેલ મહાકુંભના કારણે સેમેસ્ટર ૧ની પરીક્ષા મોડી યોજો, એક્સટર્નલમાં એડમિશન શરૂ કરવા NSUIની VC સમક્ષ માગ

રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આજે NSUIના કાર્યકર્તાઓ દ્વારા કુલપતિને કરાયેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૦ બેચલર કે માસ્ટર ડિગ્રીમાં ૧ કે ૨ વિષયમાં નાપાસ થઈ ગયા હોય તેઓને ગ્રેજ્યુએશન કે પોસ્ટ ગ્રેજ્યુએશન પૂર્ણ કરવાની એક તક સ્વરૂપે પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવે. UG-PGના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા ૧૬ જાન્યુઆરીથી શરૂ થઈ રહી છે. ત્યારે ખેલ મહાકુંભ પણ હાલ ચાલુ છે, તેવામાં યુનિવર્સિટીની પરીક્ષા ૫ દિવસ પાછળ શરૂ કરવામાં આવે તેવી માગ કરવામાં આવેલી છે. તો સાથે જ બીએ, બીકોમ, એમએ, એમકોમ એક્સટર્નલ અભ્યાસક્રમમાં ફોર્મ ભરવાની શરૂઆત કરવામાં આવે અન્યથા આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હજારો વિદ્યાર્થીઓ અત્યાર સુધી અભ્યાસ કરી ચૂક્યા છે. જેમાં ઘણા એવા વિદ્યાર્થીઓ છે કે, જે



બેચલર અથવા માસ્ટરમાં એક જ વિષય અથવા તો તેનાથી વધારે વિષયોમાં નાપાસ થયેલ છે. ત્યારે આ વિદ્યાર્થીઓ પાસે હવે ગ્રેજ્યુએટ થવા માટે અથવા તો માસ્ટર કરવા માટેનો સમય અથવા તો અનુકૂળતા નથી. જ્યારે ભૂતકાળમાં પણ જે વિદ્યાર્થીઓને સમય મર્યાદામાં પાસ ન થઈ શક્યા તેના માટે એક મોકો આપવામાં આવ્યો હતો. એવા હજારો વિદ્યાર્થીઓને છે કે, જેનું એક વિષયમાં ફેઈલ હોવાથી આખુ ગ્રેજ્યુએટ ફેઈલ જાય એમ છે. જેથી વારંવાર વિદ્યાર્થીઓની રજૂઆતો આવે છે કે, જે આવા વિદ્યાર્થીઓ છે કે જે એક વિષયમાં અથવા તો એનાથી વધારે વિષયોમાં રહી ગયેલા છે તે વિદ્યાર્થીઓને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા એક મોકો આપવામાં આવે, જેથી કરીને તેનું ગ્રેજ્યુએશન અને માસ્ટર ડિગ્રી પૂર્ણ કરી શકે. હાલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ખેલ મહાકુંભનો પ્રારંભ થઈ ચૂક્યો છે, જેમાં ૨૦થી વધારે ગેમો છે અને ઘણા બધા વિદ્યાર્થીઓ છે કે જે તેમાં ભાગ લેવાના છે. ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના જે UG અને PG પહેલા વર્ષના જે વિદ્યાર્થીઓ છે કે, તેની પરીક્ષાઓ ૧૬ તારીખથી ચાલુ થાય છે. ત્યારે એ પણ મૂંઝવણમાં છે કે, ૨૦ તારીખ સુધી તો ખેલ મહાકુંભ છે તો એ વિદ્યાર્થીઓની પણ લાગણી છે કે જે આ યુજી સેમેસ્ટર-૧ અને પીજી સેમેસ્ટર-૧ની જે પરીક્ષા છે તે ૪- ૫ દિવસ મોડી કરવામાં આવે, જેથી કરીને તે ખેલ મહાકુંભ રમી શકે.

અન્ય એક મહત્વનો મુદ્દો એ છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ચાલતું એક્સટર્નલ વિભાગ કે તેમાં વિદ્યાર્થીઓ એડમિશન લઈ અને ડાયરેક્ટ પરીક્ષા આપી પોતાનો અભ્યાસ પૂર્ણ કરી શકતા હતા, જે આ ૨૦૨૪ના વર્ષનુ હજુ સુધી શરૂ થયુ નથી. યુનિવર્સિટી દ્વારા એડમિશન પ્રક્રિયા ચાલુ કરવામાં આવી નથી, જેથી વિદ્યાર્થીઓની માંગણી છે કે, તાત્કાલિક એક્સટર્નલમાં એડમિશન પ્રક્રિયા ચાલુ કરવામાં આવે. જે વિદ્યાર્થીઓની પરિસ્થિતિ નબળી છે કે, જે જોબ સાથે સાથે અભ્યાસ પણ કરે છે એ વિદ્યાર્થીઓને આમાં ફાયદો થાય.

## વેરા શાખાની કડક વસુલાતમાં વધુ ૭ મિલ્કતો સીલ



વેરા વસુલાત શાખાએ વેરા વસુલાત ઝુંબેશમાં આજે ૭ મિલ્કત સીલ સાથે બે નળ કપાત, ૧ યુનિટને નોટીસ સામે વધુ રૂા.૧૯.૭૧ લાખની રીકવરી આપી હતી.શિવમનગર સોસાયટી, ભગવતી સોસાયટી, માર્કેટીંગ રોડ ઉપર ૧ નળ કનેક્શન કપાત કર્યું હતું.ભુપેન્દ્ર રોડ, કોઠારીયા મેઇન રોડ, સોરઠીયાવાડી સહિતના અલગ-અલગ વિસ્તારોમાં ૭ મિલ્કતો સીલ કરવામાં આવી હતી. ૧-યુનિટને નોટીસ આપી હતી.વોર્ડ નં.૫,૭,૧૩,૧૪,૧૮માં વેરા વસુલાતની કામગીરી થઇ હતી. બપોર સુધીમાં રૂા.૧૯.૭૧ લાખની રીકવરી થઇ હતી. તા.૧-૪-૨૪થી આજદિન સુધીમાં રૂા.૧૯.૭૧ લાખની રીકવરી થઇ હતી. આજ સુધીમાં કુલ રૂા.૩૩૩.૫૭ કરોડની વસુલાત થઇ છે.

## ડિસેમ્બરમાં ૪૮૬૯૬ લોકો લાયબ્રેરીની મુલાકાતેઃ નવા ૩૩૭ સભ્યોની નોંધણી

### સ્પર્ધાત્મક પરીક્ષા સહિત વધુ ૭૫૦ પુસ્તકો વસાવાયા

રાજકોટ, તા. ૬

મહાનગરપાલિકા સંચાલિત શ્રીમતી પ્રભાદેવી.જે. નારાયણ પુસ્તકાલય શિક્ષણ સમિતિ કેમ્પસ, કરણપરા ચોક, શ્રી દત્તોપંત ઠેંગડી પુસ્તકાલય,વોર્ડ નંબર ૨ ની વોર્ડ ઓફિસની બાજુમાં શ્રોફ રોડ, શ્રી બાબુભાઈ વૈધ લાયબ્રેરી, બાપા સીતારામ ચોકની બાજુમાં, પેરેડાઇઝ હોલ સામે, ડો. બાબા સાહેબ આંબેડકર ભવન લાઇબ્રેરી,જીલ્લા ગાર્ડન, બહેનો અને બાળકો માટેની મોબાઈલ લાઈબ્રેરી યુનિટ ૧ તથા ૨, મહિલા વાચનાલય, મહિલા એક્ટીવિટી સેન્ટર, નાના માવા, ચાણક્ય લાઈબ્રેરી,ગોવિંદ બાગ શાકમાર્કેટ સામે, ઈસ્ટ ઝોનમાં એક માસ દરમ્યાન કુલ ૪૮,૬૯૬ મુલાકાતીઓએ લાભ લીધેલ હતો.

આ એક માસ દરમ્યાન ૩૩૭



નવા સભ્યો લાઈબ્રેરી સાથે જોડાયા હતા. સભ્યોની માંગણી અને નવ પ્રકાશિત વિવિધ વિષયોનાં પુસ્તકો, બાળ સાહિત્ય, ગુજરાતી સાહિત્ય, નવલકથા, નવલિકાની સાથે સાથે વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી પુસ્તકો મળી કુલ ૭૫૦ પુસ્તકો, તથા બાળકો માટે વિવિધ પ્રકારના ૧૦૦ જેવા રમકડા, પઝલ્સ, ગેઈમ્સ વગેરે ઇશ્યુમાં મુકવામાં આવેલા છે. ડીસેમ્બર માસ દરમ્યાન ૧,૦૦૩ મેગેઝીનની વાંચકો માટે ખરીદી કરવામાં આવેલ છે. આ સુવિધાઓનો શહેરીજનો વધુમાં વધુ ઉપયોગ કરે તેવી અપીલ લાયબ્રેરી વિભાગે કરી છે.

### રાજકોટમાં ખેલ મહાકુંભની સ્પર્ધાઓનો પ્રારંભ

# વોર્ડ ૧થી ૫માંથી માત્ર 30 સ્કૂલોએ ભાગ લીધો, એથલેટિક્સના ખેલાડીનું ઓલમ્પિકમાં ભારતનું નામ રોશન કરવાનું સ્વપન

રાજકોટમાં ખેલ મહાકુંભની ઝોન કક્ષાની સ્પર્ધાઓનો આજથી (૬ જાન્યુઆરી) પ્રારંભ થઈ ચૂક્યો છે. જેમાં આજે પ્રથમ દિવસે ઝોન ૧ અને ૨ એટલે કે, શહેરના વોર્ડ નંબર ૧થી ૫માં આવતી માત્ર ૩૦ જેટલી સ્કૂલોના ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રજીસ્ટ્રેશન સામે ૧૦% વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જોકે, આજે એથ્લેટિક્સ, ગોળા ફેંક, ચક ફેંક, લાંબી કૂદ સહિતની સ્પર્ધાઓમાં ખેલાડીઓએ પોતાનું કૌવત બતાવ્યું હતું. જેમાં એથલેટિક્સ સ્પર્ધામાં ઓલમ્પિક સુધી પહોંચવાના સ્વપન સાથે ખેલાડીઓએ ભાગ લીધો હતો.

રાજકોટના જિલ્લા રમત ગમત અધિકારી વિરેન્દ્રસિંહ



જાડેજાએ જણાવ્યું હતું કે, આજે વોર્ડ નંબર ૧થી ૫ની ૨ ઝોનમાં આવતી સ્કૂલોએ એથલેટિક્સ સ્પર્ધામાં ભાગ લીધો છે. જેમાં અન્ડર ૯, ૧૧, ૧૪, ૧૭ અને ઓપન એજ ગ્રુપમાં ખેલાડીઓએ ભાગ લીધો છે. ૬૦૦ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો છે. ૨૦, ૫૦, ૧૦૦, ૨૦૦, ૪૦૦, ૩૦૦૦ મીટર દોડમાં ખેલાડીઓએ ભાગ લીધો હતો. લોંગ જમ્પ, ગોળા ફેંક, ચક્ર ફેંક અને બરછી ફેંક સહીતની



ઈવેન્ટ યોજવામાં આવી છે. ઝોન કક્ષાએ પ્રથમ ક્રમને રૂ. ૧૦૦૦, બીજા ક્રમને રૂ. ૭૫૦ અને ત્રીજા ક્રમને રૂ. ૫૦૦નો રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવશે. જ્યારે ઝોન કક્ષાએ પ્રથમ ૨ ક્રમ મેળવનાર જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. જે બાદ જિલ્લા કક્ષાએ પ્રથમ ૨ વિજેતા રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે. રજીસ્ટ્રેશનના ૯૦ ટકા વિદ્યાર્થીઓએ સ્પર્ધાઓમાં ભાગ લીધો છે.

### વીંછિયામાં પોલીસ-સ્થાનિકો વચ્ચે ઘર્ષણ, ટિયરગેસના શેલ છોડાયા

# હત્યાનું રિકન્સ્ટ્રક્શન, સ્થાનિકોની આરોપીઓનો વરઘોડો કાઢવા માગ; પોલીસે ના પાડતાં લોકો રોષે ભરાયા





રાજકોટઃ ૩૦ જાન્યુઆરીના રોજ લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ મામલે વીંછિયાના થોરિયાળીના ઘનશ્યામ રાજપરા પર કેટલાક શખસોએ કુહાડી અને લાકડીના ઘા ઝીંકી હુમલો કર્યો હતો. આ હુમલા બાદ તેમને વીંછિયા અને ત્યાર પછી રાજકોટ સારવારમાં ખસેડાયા હતા, જ્યાં તેમનું મોત નીપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો, ત્યારે આ મામલે પોલીસે ૬ શખસની ધરપકડ કરી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસ દ્વારા આજે ૬ આરોપીને સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું, જોકે વરઘોડો કાઢવાની સ્થાનિક લોકોની માગ હતી, પણ પોલીસે કહ્યું કે કાયદા મુજબ કામ થયા, કાયદા વિરુદ્ધ કંઇ થશે નહીં. જેથી સ્થાનિક લોકો રોષે ભરાયા હતા, ટોળા અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું, જેમાં બે પોલીસકર્મીને સામાન્ય ઈજા પહોંચી હતી. એ બાદ ટોળા પર કાબૂ મેળવવા પોલીસ દ્વારા ટિયરગેસના શેલ પણ છોડવામાં આવ્યા હતા.૩૦ જાન્યુઆરીના રોજ વીંછિયાના થોરિયાળી ગામના ઘનશ્યામ રાજપરાએ લેન્ડ ગ્રેબિંગની અરજી કરી હતી. એનો ખાર રાખી સાત દિવસ પહેલાં કુહાળી અને લાકડીના ઘા ઝીંકી હત્યા કરી નાખી હતી. એ બનાવ બાદ વીંછિયા મામલતદાર કચેરી ખાતે આરોપીની તાત્કાલિક ધરપકડ થાય. બીજી માગણીઓ સબબ કોળી સમાજના લોકો ધરણાં પર બેસી ગયા હતા અને મૃતદેહ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો.આ ઉપરાંત કોળી સમાજના આગેવાનો દ્વારા આરોપીની તાત્કાલિક ધરપકડ કરવી, આરોપીએ સરકારી જગ્યામાં ખડકી દીધેલા મકાન દૂર કરવા જેવી તંત્ર પાસે માગણી કરી હતી, જોકે કલેક્ટરે પરિવારજનોની અને સમાજના આગેવાનોની માગણી પૂરી થશે એવી ખાતરી આપતાં મૃતક ઘનશ્યામભાઈ રાજપરાના મૃતદેહને પરિવારજનોએ સ્વીકાર્યો હતો અને થોરિયાળી ગામે પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે અગ્નિસંસ્કાર કર્યા હતા.

આ દરમિયાન હત્યાના મુખ્ય આરોપી શેખા ગભરુભાઇ સાંબડને ઝડપી લેવા રૂરલ એલસીબી, રૂરલ એસઓજી તથા વીંછિયા પોલીસની અલગ-અલગ ટીમો બનાવાઇ હતી, જેમાં હત્યાનો મુખ્ય આરોપી શેખા સાંબડ ચોટીલા પંથકમાં હોવાની બાતમી મળતાં તેને દબોચી લીધો હતો. આ મામલે પોલીસે કુલ છ આરોપીની ધરપકડ કરી છે.

## રાજકોટના ત્રણ શખ્સો સહિતની ટોળકીએ જમીન દલાલને હનીટ્રેપમાં ફસાવીને રૂ.૧.૪૫ લાખ પડાવ્યા

રાજકોટઃ રાજકોટ અને પડધરીના ત્રણ શખ્સો સહિતની ટોળકીએ આણંદના જમીન દલાલને વડોદરા મળવા બોલાવી હનીટ્રેપમાં ફસાવીને ગાંધીનગર ક્રાઇમ બ્રાન્ચનો સ્વાંગ રચી માં રૂ. ૧.૪૫ લાખ પડાવી લેતા આ મામલે પોલીસ ફરિયાદ નોંધાયા બાદ ટોળકીની એક મહિલા સહિતના સુરત અને રાજકોટના પાંચને વડોદરા એલ. સી.બી.-૩ની ટીમે ધરપકડ કરી વિશેષ પુછપરછ શરૂ કરી છે.

પોલીસે આણંદના જમીન દલાલ પાસેથી પડાવી લીધેલી રકમ પૈકી રૂ. ૧.૧૦ લાખ રોકડા અને ૭ મોબાઈલ ફોન કબજે કર્યા છે. આ ટોળકી સુરતમાં હનીટ્રેપના બે ગુનામાં સંડોવાયેલા હોવાનું અને તે ગુનામાં તે વોન્ટેડ હોય સુરતના બે અનડિટેક્ટ ગુનાઓનો ભેદ પણ ઉકેલાયો છે.

ભોગ બનનાર આણંદના જમીન દલાલ ૪૦ વર્ષીય યુવકનો ફેસબુક મારફતે જીયા નામની યુવતી સાથે પરિચય થયા બાદ ગત તા.૨૪મી ડિસેમ્બરે જીયાનો મેસેજ આવ્યો હતો અને જીયાએ ફેસબુક મેસેન્જરથી ફોન કર્યો હતો અને પ્રોપર્ટીની વાત કરવા માટે તા.૨૭મીએ આજવા ચોકડી નજીક અનંતા સમૃદ્ધીના ગેટની બહાર બોલાવ્યા હતા.આણંદના જમીન દલાલ વડોદરા આજવા ચોકડે મળવા ગયા ત્યારે નંબર પ્લેટ વગરની એક કારમાં ત્રણ યુવકો ત્યાં આવ્યા હતા અને ગાંધીનગર ક્રાઇમ બ્રાન્ચના અધિકારી તરીકે ઓળખ આપી તમે છોકરીઓ ફસાવવાનો ધંધો કરો છો તેમ કહી ધરપકડ કરવા ધમકી આપી હતી અને આણંદના જમીન દલાલને પોલીસ ધરપકડથી બચવા માટે રૂ. ૧.૪૫ લાખ પડાવી લીધા હતા.આ બાબતે આણંદના જમીન દલાલે પોલીસ ફરિયાદ નોંધવતા એલ.સી.બી. ઝોન-૩ની ટીમે ટેકનીકલ સર્વેલન્સ તેમજ સીસીટીવીના આધારે ટોળકીને ઓળખી હતી.₹આ મામલે એલ.સી.બી. ઝોન-૩ની ટીમે રાજકોટના પડધરીના જીલરીયા ગામના કલ્પેશ દિલસુખ અગ્રાવત, રાજકોટના અજય કિશોરભાઈ અગ્રાવત,રાજકોટ મુંજકા રહેતા વિનોદ ગોરધનભાઈ જાદવ તેમજ સુરતના વરાછાની વૈશાલી મૌલિક પુજારા અને માયા ભગુભાઈ શેયડાની ધરપકડ કરી હતી. આ ટોળકી પાસેથી જમીન દલાલ પાસેથી પડાવી લીધેલી રકમ પૈકી રૂ. ૧.૧૦ લાખ રોકડા અને ૭ મોબાઈલ ફોન કબજે કર્યા છે. આ ટોળકીએ સુરતમાં સારોલી તેમજ કતારગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હનીટ્રેપના બે ગુનાઓમાં તેમની સંડોવણી બહાર આવતા સુરતના બે અનડિટેક્ટ ગુનાઓના પણ ભેદ ઉકેલાતા સુરત પોલીસ પણ આરોપીની કસ્ટડી મેળવવા માટે સક્રીય થઈ છે.

## ચોટીલા-રાજકોટ નેશનલ હાઈવે પર ૧૫ કિમી લાંબો ટ્રાફિક જામ, વાહનચાલકો ૧૦ કલાક ફસાયા



રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે સિક્સલેન્ડ તૈયાર થઈ રહ્યો છે, જેના કારણે ટ્રાફિક જામની સમસ્યા હજુ પણ યથાવત્? છે. ત્યારે આજે (છઠ્ઠી જાન્યુઆરી) વહેલી સવાર ચોટીલા નેશનલ હાઈવે પર આશરે ૧૫ કિલોમીટર જેટલી વાહનોની લાઈન લાગી હતી. આશરે ૧૦ કલાક સુધી વાહનચાલકો ટ્રાફિક જામમાં ફસાયા હતા.રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવેનું છેલ્લા ઘણાં વર્ષોથી કામ ચાલી રહ્યું છે. જેના કારણે હાઈવે પર વાહન ચાલકો ટ્રાફિક જામમાં ફસાય છે. આ ઉપરાંત અકસ્માતની ઘટનાઓમાં પણ વધારો થઈ રહ્યો છે. ત્યારે આજે ફરી એકવાર ચોટીલા-રાજકોટ નેશનલ હાઈવે પર ટ્રક અકસ્માતના કારણે વાહનોની લાંબી કતારો લાગી હતી. નોંધનિય છે કે, પોલીસ વાન અને એમ્બ્યુલન્સ પણ આ ટ્રાફિકમાં ફસાય હતી.

સૂત્રોના જણાવ્યાનુસાર, રાજકોટથી ચોટીલા જતા ચામુંડા માતાજીના ડુંગરનો ગેઈટ આવે તે પહેલા હાઈવે પર એક ઓવરબ્રિજ આવે છે. આ બ્રિજ પહેલા જ ચાણપા ગામ પાસેથી કૂલ આશરે ૨૧૯ કરોડ રૂપિયાના ખર્ચે નવા ૬૦ મીટર (૨૦૦ ફૂટ) પહોળાઈનો અને આશરે ૭ કિ.મી.લંબાઈનો સિક્સલેન રોડ બનાવાશે. જે સીધો ચોટીલાને ઓળંગીને લિંબડી તરફ સાંગાણી ગામ પાસે નીકળીને સીધો અમદાવાદ એક્સપ્રેસ હાઈવેને મળશે. નેશનલ હાઈવે પર ટ્રાફિક જામના કારણે ચોટીલાથી રાજકોટ જઈ રહેલા મુસાફરો મુશ્કેલીમાં મુકાઈ છે.

# હવે જીલ્લા કોર્ટની કામગીરીનું પણ લાઈવ પ્રસારણ કરાશે

## તમામ અદાલતોને ટેકનોલોજીથી સજજ બનાવાશે



ગાંધીનગર ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે રાજયના તમામ મદદનીશ સરકારી વકીલો (આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટર્સ) માટે રવિવારે યોજાયેલા એક દિવસીય તાલીમ શિબિરના ઉદઘાટન પ્રસંગે કાયદામંત્રી ઋષિકેશ પટેલે સંકેત આપ્યો હતો કે, ગુજરાતમાં ન્યાય પ્રણાલીને વધુ પારદર્શી બનાવવા માટે હાઈકોર્ટ બાદ તમામ જિલ્લા કોર્ટને પણ ટેકનોલોજીથી સુસજજ કરાશે. એના પછી હાઈકોર્ટની જેમ તેની પણ કાર્યવાહીનું જીવંત પ્રસારણ શકય બનશે.

કાયદા વિભાગ અને ડાયરેક્ટોરેટ ઓફ પ્રોસીક્યુશન કચેરી યોજીત તાલીમ કાર્યક્રમમાં કાયદામંત્રીના હસ્તે તમામ આસી. પ્રોસીકયુટર્સને લેપટોપ આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઋષિકેશ પટેલે જણાવ્યું કે, વકીલનું પ્રોફેશન એ સમાજનું એક અમૂલ્ય ઘરેણું છે, જે નિર્દોષને ન્યાય અને દોષીને યોગ્ય સજા અપાવીને એક સુરક્ષિત સમાજનું નિર્માણ કરે છે. ગુજરાતના નાગરિકોનો લોકશાહી અને ન્યાય પ્રણાલી પર વિશ્વાસ વધુ દ્રઢ બને તે માટે એક નવતર પ્રયાસના ભાગરૂપે ગુજરાત હાઈકોર્ટમાં થતા ટ્રાયલ કે સુનાવણીને ટેકનોલોજીના માધ્યમથી લાઈવ અને પારદર્શી બનાવવામાં આવી છે.

આગામી સમયમાં ગુજરાતની તમામ જિલ્લા કોર્ટમાં પણ ટેકનોલોજીના સુયોગ્ય ઉપયોગથી આ પ્રકારની સુવિધાઓ વિકસાવવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું કે, પ્રાચીન સમયમાં ભારતના નાગરિકોમાં કાયદો આત્મસાત હતો.

બ્રિટીશરો ભારતમાં આવ્યા બાદ તેમણે તેમની અનુકુળતા મુજબના ફોજદારી કાયદાઓ અમલમાં મુકયા હતા. ભારતની આઝાદીના ૭૫ વર્ષ સુધી આ કાયદાઓ અમલમાં રહ્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમીત શાહના દિશાનિર્દેશ હેઠળ ભારતમાં લોકશાહીના રક્ષણ કરવા નવા ત્રણ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩, ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩ કાયદા અમલમાં મુકાયા છે.

આજની તાલીમથી તમામ મદદનીશ સરકારી વકીલોને આ ત્રણ નવા ફોજદારી કાયદા અંગે વિગતવાર માહિતી મળશે, જેથી અદાલતમાં ઝડપથી કેસ કેવી રીતે ચાલે તે માટે તૈયાર થઈ શકશે.ગાંધીનગર ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે રાજયના તમામ મદદનીશ સરકારી વકીલો (આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટર્સ) માટે રવિવારે યોજાયેલા એક દિવસીય તાલીમ શિબિરના ઉદઘાટન પ્રસંગે કાયદામંત્રી ઋષિકેશ પટેલે સંકેત આપ્યો હતો કે, ગુજરાતમાં ન્યાય પ્રણાલીને વધુ પારદર્શી બનાવવા માટે હાઈકોર્ટ બાદ તમામ જિલ્લા કોર્ટને પણ ટેકનોલોજીથી સુસજજ કરાશે. એના પછી હાઈકોર્ટની જેમ તેની પણ કાર્યવાહીનું જીવંત પ્રસારણ શકય બનશે.

# રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાને એક વર્ષ પુરૂ થતા ૧૧ જાન્યુઆરીએ યોગી અભિષેક કરશે

## અંગદ ખડગ પર પણ સાંસ્કૃતિક કાર્યક્રમો અયોધ્યામાં ત્રણ દિવસ સંગીતમય કાર્યક્રમો



અયોધ્યા તા.૬

અયોધ્યામાં રામમંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાનું એક વર્ષ પુરૂ થવા પર ૧૧ જાન્યુઆરીથી ૧૩ જાન્યુઆરી સુધી પ્રતિષ્ઠા દ્વાદશીનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ૧૧ જાન્યુઆરીએ સવારે ૧૧ વાગ્યે ગર્ભગૃહમાં રામલલ્લાનો અભિષેક કરશે. ત્યારબાદ અંગદ ખડગ પર યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમનું ઉદઘાટન કરી શ્રધ્ધાળુઓને સંબોધન કરશે.

વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ગત વર્ષે રામ મંદિરમાં ભગવાન શ્રીરામનાં બાલ સ્વરૂપની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. શ્રીરામ જન્મભુમિ તીર્થક્ષેત્રનાં મહાસચીવ ચંપતરાયનાં જણાવ્યા મુજબ ૧૧ જાન્યુઆરીએ ગર્ભગૃહમાં સવારે ૧૦ વાગ્યાથી પૂજન કાર્યક્રમ શરૂ થશે.

૧૧ વાગ્યે સીએમ યોગી રામલલ્લાને અભિષેક કરશે. આ દિવસે સોનુ નિગમ, શંકર મહાદેવન, માલીની અવસ્થી દ્વારા ગાયેલા ભજન પણ રીલીઝ કરાશે.ટાઈમ્સ મ્યુઝીક ટ્રસ્ટના સંયોજનમાં કમ્પોઝ કરાયેલ એક ભજન પણ સોનુ નિગમ દ્વારા રીલીઝ કરવામાં આવશે. મહોત્સવમાં ઉતરાખંડ, છતીસગઢ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને યુપીનાં ૭૦ મુખ્ય સંતો અને ધર્માચાર્યોને પણ આ પ્રસંગે આમંત્રીત કરવામાં આવ્યા છે. જાણીતી ગાયિકા ઉષા મંગેશકર અને મયુરેશ પઈ ભગવાન સમક્ષ ભજનથી રાગ સેવાનો આરંભ કરશે.ત્યારબાદ સંતોષ સાહીત્ય નાહરે વાયોલીનની જુગલબંધીથી ભકિત કાર્યક્રમ રજુ કરશે.

# પ્રજાસતાક દિન પરેડમાં આ વખતે પહેલી વાર હવામાન વિભાગની ઝાંખી થશે



નવી દિલ્હી,તા.૬

આ વખતે પ્રજાસતાક દિન પરેડમાં કર્તવ્ય પથ પર પહેલીવાર હવામાન વિભાગની ઝાંખી જોવા મળશે. કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયને અધિન હવામાન વિભાગની ઝાંખીમાં વિભાગની કાર્યપ્રણાલી જ નહીં, બલકે આગાહી કરવા અને એલર્ટ જાહેર કરવાની સીસ્ટમને પણ પ્રદર્શન કરવામાં આવશે.

સ્વર્ણિમ ભારત વિરાસત સૌર વિકાસ થીમ પર તૈયાર આ ઝાંખીમાં હવામાન વિભાગના ૧૫૦ વર્ષની લાંબી સફરની કથાને દર્શાવવામાં આવશે. આ ઝાંખીમાં જોવા મળશે કે ૧૮૭૫માં વિભાગની શરૂઆતને લઈને અત્યાર સુધીની તેની સફરમાં શું શું ફેરફાર થયા તેની કથા રજુ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ભારતમાં હવામાન વિજ્ઞાન વિભાગ (આઈએમડી)ની સ્થાપના ૧૮૭૫માં એચએફ બ્લેનફોર્ડના નેતૃત્વમાં થઈ હતી, તેમને હવામાન વિજ્ઞાન રિપોર્ટની ઉપાધી અપાઈ હતી. આઈએમડીના હાલના મહાનિર્દેશક ડો. મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે, અમે થીમને અનુરૂપ વિભાગના ૧૫૦ વર્ષ પુરા થવા પર તેની મુખ્ય સિદ્ધિઓને દર્શાવવાનો પ્રયાસ કરશું. ઝાંખીમાં વિભાગના મોજૂદ અત્યાધુનિક સ્વરૂપ પર વધુ ફોકસ કરાશે.

ॐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા




## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**બે જ વસ્તુ અંતે બધાને બહુ નડતી હોય છે સાહેબ, ખુલ્લી આંખે જોયેલા સપના અને હકીકત સામે બંધ કરેલી આંખ !!! સમજણ પૂર્વક જીવીએ કર્મો પ્રત્યે સજાગ રહીએ..**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લકઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


RAVI ENGLISH INSTITUTE ®
Ravi ENGLISH INSTITUTE
SINCE 2003
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM
TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper







## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...

**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**

અને જોડાઇ જાવ અમારી સાથે...

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062